**આજનો સુવિચાર**

નસીબ માત્ર મહેનતથી જ બદલાય છે, બેસીને વિચારવાથી નહીં

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ


દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૩ જૂનાગઢ તા.૧૮-૧૨-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 3, Junagadh : Date : 18 December, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## ડોન દાઉદને ઝેર અપાયું હોવાનાં અહેવાલો : કરાંચીની હોસ્પીટલમાં દાખલ : પાકિસ્તાનમાં ઈન્ટરનેટ બંધ



મુંબઈ તા. ૧૮

મુંબઈ બોમ્બ હુમલાના માસ્ટરમાઈન્ડ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમને પાકિસ્તાનમાં ઝેર અપાયું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે દાઉદને કરાચીની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. દાઉદની હાલત નાજુક હોવાનું કહેવાય છે. કહેવામાં આવી રહ્યું છે કે દાઉદના દાખલ થવાને કારણે આખી હોસ્પિટલ એક અભેદ્ય કિલ્લામાં ફેરવાઈ ગઈ છે. આ દરમિયાન, પાકિસ્તાનમાં રાત્રે ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું હતું અને સોશિયલ મીડિયા વેબસાઈટ્સ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. અચાનક ઈન્ટરનેટ બંધ થયા બાદ ઘણા પાકિસ્તાની પત્રકારોએ દાવો કર્યો છે કે દાઉદ ઈબ્રાહિમને ઝેર આપવાના સમાચારને જોતા ઈન્ટરનેટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. જો કે હજુ સુધી સ્વતંત્ર રીતે એ વાતની પુષ્ટિ થઈ નથી કે દાઉદને ઝેર આપવામાં આવ્યું છે કે નહીં, પરંતુ પાકિસ્તાનમાં તેની ખૂબ ચર્ચા થઈ રહી છે.

રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે દાઉદ ઈબ્રાહિમને બે દિવસ પહેલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. તેને ખૂબ જ કડક સુરક્ષા હેઠળ હોસ્પિટલમાં રાખવામાં આવ્યો છે. દાઉદ ઈબ્રાહિમને જ્યાં રાખવામાં આવ્યો છે તે ફ્લોર પર તે એકલો જ છે. માત્ર હોસ્પિટલના ટોચના અધિકારીઓ અને પરિવારના નજીકના સભ્યોને જ જવા દેવામાં આવી રહ્યા છે. દાઉદ ઈબ્રાહિમને ઝેર આપવામાં આવ્યું હોવાની અટકળો વચ્ચે મુંબઈ પોલીસ સ્વતંત્ર રીતે તેની પુષ્ટિ કરવાનો પ્રયાસ કરી રહી છે. અગાઉ જાન્યુઆરીમાં દાઉદની બહેન હસીના પારકરના પુત્રએ NIAને જણાવ્યું હતું કે દાઉદ બીજી વખત લગ્ન કર્યા બાદ કરાચીમાં રહેતો હતો.

આ દરમિયાન દાઉદના સમાચાર બાદ સમગ્ર પાકિસ્તાનમાં ઈન્ટરનેટ બંધ હોવાની માહિતી સામે આવી છે. ઘણા લોકો દાવો કરી રહ્યા છે કે દાઉદના સમાચાર છુપાવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.


એવા સમાચાર છે કે દાઉદને કડક સુરક્ષા હેઠળ હોસપિટલમાં રાખવામાં આવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે હોસપિટલના તે ફ્લોર પર તેની સારવાર ચાલી રહી છે. હોસ્પીટલના વરિષ્ઠ અધિકારીઓ અને પરિવારના સભ્યોને જ અહીં આવવાની મંજૂરી છે. હાલ મુંબઈ પોલીસ અંડરવર્લ્ડ ડોનના હોસ્પીટલમાં દાખલ થવા અંગે માહિતી એકઠી કરવાનો -યાસ કરી રહી છે.

એક મીડિયા રિપોર્ટ અનુસાર, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી એટલે કે હસીના પારકરના પુત્રે દાઉદ કરાચીમાં હોવાની માહિતી આપી હતી.

વોન્ટેડ આતંકવાદી અને ડી-કંપનીનો લીડર ભારતમાંથી ભાગેડુ છે. તે ૧૯૯૩ના મુંબઈ બોમ્બ બ્લાસ્ટનો માસ્ટરમાઈન્ડ છે. મુંબઈમાં સીરીયલ બ્લાસ્ટમાં ૨૫૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા આ ઘટનામાં હજારો લોકો ઘાયલ પણ થયા હતા. આ ઘટના બાદ તેને ભારતનો વોન્ટેડ આતંકી જાહેર કરવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમે પાકિસ્તાનમાં આશરો લીધો છે. ભારતે પણ અનેક વખત તેના પુરાવા રજૂ કર્યા છે. જોકે, પાકિસ્તાન સતત દાઉની હાજરીનો ઈન્કાર કરી રહ્યું છે.

## આજે જ્ઞાનવાપી અને મથુરા મામલે અનુક્રમે વારાણસી ડીસ્ટ્રીકટ કોર્ટ અને અલ્હાબાદ હાઈકોર્ટમાં સુનાવણી



અલ્હાબાદ તા. ૧૮ : આજે ઉત્તરપ્રદેશમાં અલ્હાબાદ હાઈકોર્ટ અને વારાણસી ડીસ્ટ્રીકટ કોર્ટમાં મથુરા અને કાશી મામલે સુનાવણી થઈ રહી છે જેમાં અલ્હાબાદ હાઈકોર્ટમાં કાશી સ્થિત મંદીર - મસ્જીદ મામલે કમીશન દ્વારા સર્વેક્ષણ કરવામાં આવે કે નહી તે અંગે સુનાવણી થશે. જયારે વારાણસી જીલ્લા અદાલતમાં જ્ઞાનવાપી મસ્જીદ મામલે સુનાવણી થઈ રહી છે જેમાં જ્ઞાનવાપી મસ્જીદમાં એએસઆઈ દ્વારા જે સર્વે કરવામાં આવ્યો છે તેનો રીપોર્ટ સુપ્રત કરવામાં આવશે. એએસઆઈનાં રીપોર્ટમાં શું કહેવામાં આવ્યું છે તેની વિગત બહાર આવશે. અત્યાર સુધી એએસઆઈને ૬ વખત મુદત મળી ચુકી છે.

## કોરોનાએ દેશમાં ફરી માથું ઉચકયું : એકજ દિવસમાં પાંચનાં મોત

### રવિવારે નવા ૩૩૫ કેસ નોંધાયા : દેશમાં એકટીવ કેસની સંખ્યા ૧૭૧૦ થઈ

નવી દિલ્હી તા.૧૮ : ભારતમાં ફરી કોરાનાનો પગપેસારો ચિંતાજનક બનવાના સંકેતો રહયા છે એક જ દિવસમાં ચાર પાંચ લોકોના મોત નીપજયા હતા. કેરળમાં ચાર તથા ઉતર પ્રદેશમાં એક દર્દીનું કોરોનાથી મોત નિપજયુ હતું. દેશમાં નવા ૩૨૫ કેસ નોંધાયા હતા. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયનાં રીપોર્ટ પ્રમાણે ભારતમાં રવિવારે કોરોનાના નવા ૩૩૫ કેસ નોંધાયા હતા અને તે સાથે એકટીસ કેસની સંખ્યા વધીને ૧૭૧૦ થઈ હતી.કોરોનાનો નવો વેરીએન્ટ જેએન-૧ જયાંથી મળ્યો છે તે કેરળમાં ચાર દર્દીઓનાં મોત નોંદાયા હતા જયારે ઉતર પ્રદેશમાં કોરોનાથી એક વ્યકિતનું મોત નીપજયુ હતું.

નેશનલ ઈન્ડીયન મેડીકલ એસોસીએશન કોવીડ ટાસ્ક ફોર્સનાં સહ અધ્યક્ષ રાજીવ જયદેવનનાં કહેવા પ્રમાણે સાત મહિનાનાં ગાળા બાદ કોરોનાનાં કેસ વધી રહ્યા છે. વિશ્વનાં અનેક દેશોમાં કોરોનાનાં આ સબ-વેરીએન્ટ વિશે વૈજ્ઞાનિકો ચિંતીત છે અને અગાઉનાં વેરીએન્ટ કરતા વધુ ચેપી હોવાની આશંકા દર્શાવી રહ્યા છે. વેરીએન્ટથી લોકોમાં તાવ, નાકમાંથી પાણી નિકળવુ, ગળામાં ખારાશ, માથામાં દુ:ખાવો તથા પેટની સમસ્યા જેવા લક્ષણો માલુમ પડી રહ્યા છે. કેરળનાં આરોગ્ય પ્રધાન વીના જયોર્જે જોકે એમ કહ્યું કે નવા સબ વેરીએન્ટથી ગભરાવાની જરૂર નથી. ઓળખાયેલા કેસને પણ મહિના થઈ ગયા છે. ગભરાટને બદલે સાવચેતી રાખવાની સલાહ છે.

## ગુજરાતમાં બિમારીથી કંટાળી દરરોજ ૪-૫ દર્દીઓ આપઘાત કરે છે : એક વર્ષમાં ૧૭૪૭ લોકોએ જીંદગી ટુંકાવી

નવી દિલ્હી, તા.૧૮:

માનસિક બીમારી, કેન્સર, એઈડસ સહિતની વિવિધ બીમારીથી તંગ આવીને વર્ષ ૨૦૨૨માં પ્રતિદિન ચારથી પાંચ ગુજરાતીઓ જિંદગી ટૂંકાવી દીધી છે. કેલેન્ડર વર્ષ ૨૦૨૨માં ગુજરાતમાં કુલ ૧,૭૪૭ વ્યકતિએ બીમારીથી કંટાળીને આપઘાત કર્યો છે, જેમાં ૧૧૭૨ પુરુષ, ૫૭૪ મહિલા અને એક ટ્રાન્સજેન્ડરનો સમાવેશ થાય છે. ગત વર્ષે ગુજરાતમાં ૧૭૮૦થી વધુ લોકોએ લાંબી બીમારીથી તંગ આવી જીવન ટૂંકાવ્યું જીવન ટૂંકાવ્યું હતું.

ગુજરાતમાં બીમારીથી તંગ આવીને જે આપઘાતની ઘટનાઓ બની છે તેમાં સૌથી વધુ માનસિક બીમાર દર્દી ભોગ બન્યા છે, એક વર્ષમાં સૌથી વધુ ૮૮૦ માનસિક બીમારી દર્દીએ આયખું ટૂંકાવ્યું તેમાં ૫૭૬ પુરુષ અને ૩૦૪ મહિલા સામેલ છે. એ જ રીતે કેન્સરની બીમાથી કંટાળીને કુલ ૧૦૭ લોકોએ આત્મહત્યા કરી હતી, જેમાં ૮૪ પુરુષ અને ૨૩ મહિલા સામેલ છે. પેરાલિસિસથી પરેશાન થઈને ૭૦ લોકોએ જાતે જિંદગીનો અંત આણ્યો હતો, તેમાં ૬૧ પુરુષ અને ૯ મહિલા છે. એઈડ્સની બીમારીથી કંટાળીને એક વર્ષમાં ૨૫ આત્મહત્યાના કિસ્સા બન્યા, જેમાં ૮ પુરુષ અને ૧૭ મહિલા સામેલ છે. કિસ્સા હતા, કેન્સર, પેરાલિસિસ અને માનસિક બીમારીમાં પુરુષોની સંખ્યા વધારે છે જ્યારે એઈડ્સની બીમારીથી કંટાળીને આપઘાતમાં મહિલાઓની સંખ્યા વધુ છે.

## મહારાષ્ટ્રમાં અહેમદનગર - કલ્યાણ હાઈવે પર અકસ્માત : ૮ મુસાફરોનાં ઘટના સ્થળે જ મોત

મુંબઈ તા. ૧૮

મહારાષ્ટ્રના પુણેમાં એક ભયંકર અકસ્માતની ઘટના સામે આવી છે. એક પીકઅપ વાહન અને ઓટો રિક્ષા વચ્ચે ભયંકર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં કુલ ૮ લોકોના મોત થયા છે. અહેવાલો મુજબ પુણે જિલ્લામાં એક ઝડપી પીકઅપ વાહને ઓટો રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો દર્દનાક હતો કે ૮ લોકોના મોત થયા હતા.

પોલીસે આજે ઘટનાની જાણકારી આપતા કહ્યું કે અકસ્માત પુણેથી ૧૫૦ કિલોમીટર દૂર સ્થિત કલ્યાણ-અહમદનગર રોડ પર થયો હતો. પોલીસના જણાવ્યા મુજબ આ અકસ્માત ગતરાત્રે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ થયો હતો. ઓટો રિક્ષા અને પીકઅપ વાહનના ડ્રાઈવર સહિત ૮ લોકોનાં મોત થયા છે. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ પીકઅપ વાહન અહમદનગરથી કલ્યાણ તરફ જઈ રહ્યું હતું. ત્યારબાદ પિંપલગાંવ જોગામાં પેટ્રોલ પંપ પાસે તેની ઓટો રિક્ષા સાથે ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ઓટો રિક્ષા અને પીકઅપ વાહનના ડ્રાઈવર સહિત ૮ લોકોના મોત થયા હતા.

## ૩૦ વર્ષની મહિલા દ્વારા દેશનાં ટોચના ઉદ્યોગપતિ સજ્જન જિંદાલ પર બળાત્કારનો આરોપ

મુંબઈ તા. ૧૮

દેશનાં જાણીતા ઉદ્યોગપતિ ૬૪ વર્ષના સજ્જન જિંદાલે તેમના પર લાગેલા બળાત્કારના આરોપોને સંપૂર્ણપણે પાયાવિહોણા અને ખોટા ગણાવ્યા છે. ૩૦ વર્ષની એક મહિલાએ લગ્નનું વચન આપીને જિંદાલ ઉપર બળાત્કાર કરવાનો આરોપ લગાવ્યો છે. દુબઈમાં એક મેચ દરમિયાન વીઆઈપી બોક્સમાં જિંદાલને મળી હતી જ્યાં તેઓએ એકબીજાના નંબર લીધા હતા. જાણીતા ઉદ્યોગપતિ ૬૪ વર્ષના સજ્જન જિંદાલે તેમના પર લાગેલા બળાત્કારના આરોપોને સંપૂર્ણપણે પાયાવિહોણા અને ખોટા ગણાવ્યા છે. ૩૦ વર્ષની મહિલાએ લગ્નનું વચન આપીને તેની ઉપર બળાત્કાર કરવાનો આરોપ મુકયો છે.


**S. K. CARS**

આપને કાર લેવી હોય કે વેચવી હોય તો અમારો સંપર્ક કરો



કોન્ટેકટ નં.
મો. ૭૨૦૨૦ ૭૨૦૧૦
૮૯૫૯૫ ૦૦૦૦૫
શોપ નં.૪ ઈસ્કોન ગોલ્ડ સેન્ટ્રલ પ્લાઝા, મધુરમ બાયપાસ રોડ, જૂનાગઢ

**હોટેલ ગ્રીનલેન્ડ**

જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ

HOTEL GREENLAND | Group of THAKAR | ઠાકરથાળ એક ખાનદાની પરંપરા

સુવિધાઓ
- બેન્કવેટ હોલ
- પાર્ટી લોન

મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ

**ઠાકર થાળ** એક ખાનદાની પરંપરા


સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ

જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**




Part of the Muthoot Pappachan Group | 96.58%* of total customers from rural areas*
Gross loan portfolio of ₹108,670.66 million* | 3.19 million active customers*

- Part of the Muthoot Pappachan Group; second largest company under the Group, in terms of AUM for the Financial Year 2023
- Customers serviced by 12,297 employees across 1,340 branches in 339 districts in 18 states and union territories in India*
- Access to diversified sources of capital and effective cost of funds
- Robust risk management framework leading to healthy portfolio quality
- Streamlined operating model with effective use of technology
- Significant synergies between the financial services business of the group and our micro-finance business

PAPPACHAN muthoot MICROFIN
www.muthootmicrofin.com

*As of September 30, 2023

**MUTHOOT MICROFIN LIMITED** is proposing, subject to the receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the red herring prospectus dated December 11, 2023 ("**RHP**") with Registrar of Companies, Maharashtra at Mumbai ("**RoC**"). The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of our Company at https://muthootmicrofin.com/offerdocument-related-filings/ and websites of the BRLMs, i.e. ICICI Securities Limited, Axis Capital Limited, JM Financial Limited and SBI Capital Markets Limited at www.icicisecurities.com, www.axiscapital.co.in, www.jmfl.com and www.sbicaps.com respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled *'Risk Factors'* on page 31 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision, instead investors shall rely on RHP filed with the RoC.

The Equity Shares offered in the Offer have not been, and will not be, registered under the United States Securities Act of 1933, as amended (the "**Securities Act**") or any state securities laws in the United States, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act, and applicable state securities laws in the United States. Accordingly, the Equity Shares are being offered and sold (i) within the United States solely to persons who are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the Securities Act) under Section 4(a) of the Securities Act, or (ii) outside the United States in "offshore transactions" as defined in and in compliance with Regulation S under the Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur. There will be no public offering of Equity Shares in the United States.

Adfactors 470B


C M Y K

# ૧૯મી ડીસેમ્બરે દિવ મુકિત દિન : સોરઠની બહાદુર પોલીસ અને લશ્કરે દિવને ફીરંગી શાસનમાંથી મુકત કરાવ્યું હતું





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૮

સોરઠનો ગાઢ પડોશી એવો સંઘપ્રદેશ દિવ ૧૯ ડીસેમ્બરે તેનો મુકિત દિન ઉજવે છે. ચાલો ત્યારે જાણીએ વિદેશી શાસનથી મુકિત કરાવવામાં ભારતીય લશ્કર ઉપરાંત સૌરાષ્ટ્ર-સોરઠનું પણ યોગદાન હતું. ભારતીય સંસદે દિવને મુકત કરવા માટે ઠરાવ કરતાં ૧૨ ડીસેમ્બરે સવારે ૧૧ વાગ્યે લશ્કરની પ્રથમ ખાસ ટ્રેન ઉના સ્ટેશને આવી પહોંચી હતી. અને ખેતરોમાં છાવણી ઉભી કરી હતી. સવારે ૧૨ વાગ્યે બીજી મીલીટરી ટ્રેન આવી જેમાં ત્રણ તોતીંગ એન્જીનો લગાડાયા હતાં. આ ટ્રેનમાં દારૂગોળો, ટેન્કો, તોપો અને સેંકડો ટન યુધ્ધ સામગ્રીઓ હતી. ૧૩મી એ લશ્કરના ખટારાઓ આવ્યા, ૧૪મીએ મીલટરીની વધુ એક ટ્રેન આવી અને ૧૬મી તારીખે સંપૂર્ણ બરાબર ગોઠવાઈ ગયું તેવી અહીંથી આલબેલ પહોંચતાં જ ૧૭મીએ સવારે હુકમ આવ્યો કે રાત્રે બાર વાગ્યે માર્ચ કરજો. ઈન્ડીયન એરફોર્સ બોંબર વિમારોએ બોંબ વરસા શરૂ કરી અને તે સમયનાં દિવનાં ગર્વનરે શરણાગતી સ્વીકારી અને બ્રિગેડયર જશવંતસિંઘે સવારનાં ૧૧ વાગ્યે લશ્કર સાથે દિવમાં વિજય પ્રવેશ કર્યો.

દિવનાં આ મુકિત સંગ્રામમમાં જૂનાગઢ જીલ્લાનાં તે સમયનાં જીલ્લા પોલીસ વડા મજબુતસિંહ જાડેજા અને સોરઠ પોલીસની કાબીલે દાદ કામગીરી રહી. લશ્કરનો આ વિભાગની ભૂગોળની કે સામાપક્ષની શકિતીની કે યુકિત-પ્રયુકિતનો એટલો બધો ખ્યાલ ન હતો જેમાં સોરઠનાં જીલ્લા પોલીસ વડા પોતાની સુઝ, બુઝ અને સમગ્ર દ્રષ્ટીથી મજબુતસિંહ જાડેજા તથા પોલીસ દળ લશ્કરની સાથે ખડેપગે ફરજો બજાવી જેથી ઓછી ખુંવારીએ જંગ સફળ થયો. મધરાત્રે વિજયનાં ખબર આવ્યા ત્યારે મધરાત્ર હોવા છતાં ઉનામાં કોઈ ઘરમાં ન હતું બધા માણસો રસ્તા ઉપર હતાં. વિજયી સૈન્યનાં સેનાપતિ બ્રિગેડીયર જશવતસિંહનો સત્કારવામાં આવ્યા અને પ્રજાનું પ્રેમભીનુ સ્વાગત ઝીલવામાં આવ્યું. આ પ્રસંગે જયાબેન શાહ, જીલ્લા પોલીસ વડા મજબુતસિંહ જાડેજા અને કલેકટર મથુરાદાસ શાહ ઉપસ્થિત રહયા હતાં.

૧૯૬૧ ડીસેમ્બર ૧૯ તારીખે દિવ પોર્ટુગીઝ શાસનમાંથી મુકત થયું અને ભારત સરકારે જેના પ્રથમ ખેડમીનીસ્ટ્રેટર તરીકે પ્રભાસ પાટણના નાગર કલેકટર પ્રમોદરાય લોકોમાં પ્રેમસુખભાઈ વૈદ્યને નિમણુંક આપી અને તેઓએ સુપેરે પાડી. દિવ મુકિત માટે અનેકો સત્યાગ્રહીઓનું પણ યોગદાન છે જેઓ સૌરાષ્ટ્રનાં હતાં. રસીકભાઈ આચાર્ય, રતુભાઈ અદાણી, નરભેશંકર પાણેરી, સુર્યકાંતભાઈ આચાર્ય, વજુભાઈ શુકલ, નવીનચંદ્ર રવાણી, સનતભાઈ મહેતા, લવજીભાઈ પટેલ, મનુભાઈ જોશી, ગિરધરભાઈ વાઘેલા, અસગરઅલી ગાંધી, ચીમનભાઈ મહેતા, સુરગભાઈ વરૂ, કનુભાઈ લહેરી, જશવંતભાઈ મહેતા, ચંદ્રશંકર યાજ્ઞિક સહિતનાં અનેકનો સમાવેશ થાય છે.

# જૂનાગઢમાં સૌપ્રથમવાર ૪૯મી ક્યુટીકોન ગુજરાત ૨૦૨૩ કોન્ફરન્સ સફળ રીતે યોજાઈ

## ત્વચાની સારવારમાં શસ્ત્રક્રિયાનું સ્થાન દવા અને ઈન્જેકશન લેશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ ખાતે આવેલ ધ ફર્ન લિયો રિસોર્ટમાં ૪૯મી ક્યુટીકોન ગુજરાત ૨૦૨૩ યોજાઈ હતી. જેના મુખ્ય આયોજકના સચિવ જૂનાગઢના જાણીતા ડર્મેટોલોજીસ્ટ ડોક્ટર પિયુષ બોરખતરીયા હતા જે **IADVL GSB** (ડર્મેટોલોજીસ્ટ એસોસિએશન ઓફ ગુજરાત)ના સેક્રેટરી છે. આ કોન્ફરન્સ ના પ્રથમ દિવસે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડર્મોટોલોજીના અલગ અલગ વિષય જેવા કે રિંકલ્સ(કરચલી) માટે બોટ્યુલિનમ ટોકસીન, એન્ટી એજિંગ માટે ફિલર, થ્રેડ્સ એટલે કે સ્કિન લીફ્ટિંગ અને એન્ટી એજિંગ ટ્રીટમેન્ટ સાથે લેસર લાઈવ ડેમોસ્ટ્રેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પહેલા દિવસે જ ૬૦૦ ડર્મોટોલોજિસ્ટ એ ભાગ લીધો હતો. આ કોન્ફરન્સ મા ભારતભરના જાણીતા ડર્મેટોલોજીસ્ટએ સંગઠિત થઈને પોતાના જ્ઞાન અને અનુભવનું આદાન-પ્રદાન કર્યું હતું. બીજા દિવસના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા તથા ડો. નિતીન વોરા અને **DySP** હિતેશ ધાંધલીયા, અન્ય મહેમાનો દિપ પ્રાગટય કરી ખુલી મુકી હતી. આ પ્રસંગએ જૂનાગઢ ડર્મોટોલોજી એસોસિએશનના અને કાર્યક્રમના પ્રેસિડેન્ટ ડો. પ્રિયંકા સુથારીયા, ઓર્ગેનાઈઝીગ ચેરમેન ડો. ખારોડ, ડો. પિયુષ બોરખતરીયા(સેક્રેટરી), ડો. જનક પટેલ, ડો. હેમેન્દ્ર સોલંકી, ડો. જીજ્ઞા શાહ, ડો. શ્યામ માકડિયા, ડો. પુજા ટાંક, ડો. જયદીપ ટાંક, ડો. અરવિંદર કૌર, ડો. કેયુર ચોવટીયા, ડો. અક્ષય અંબાસણા આ બધાએ સાથે મળીને કોન્ફરન્સને સફળ બનાવવી હતી. આમાં સાયન્ટીફીક કમિટીના ચેર પર્શન તરીકે ડો. જનક ઠક્કર, ધીરેન્દ્ર મુની, ડો. દેવલ વોરા, સાયન્ટીફીક સેક્રેટરી તરીકે આશા માતરવડીયા, ડો. મોઈઝ મીઠાઈવાલા, વર્કશોપ ચેરમેન અને ટ્રેઝરર ડો. જયેશ ચનારા, ડો. શ્યામ માકડિયા(જોઈન્ટ ટ્રેઝરર), ડો. જનક પટેલ(જોઈન્ટ ઓર્ગેનાઈઝર), ડો. પુજા કોયાણી ટાંક અને ડો. જગદીશ ટાંક(કોન્ફરન્સ કનવીનર) તરીકે સેવા આપી હતી. ડો. બોરખતરિયા જણાવ્યું કે, આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે દર્દીઓને કઈ રીતના સારી સારવાર આપવી અને ફીલર, બોટોક્ષ, લેશર જેવી આધુનિક સારવાર વિશે વધુ માહિતી આપવી. ૧૫ વધુ મશીન ઉપર સમગ્ર ભારતમાંથી આવેલા ડોક્ટર દ્વારા લાઈવ સેશન દ્વારા ટ્રેનિંગ આપવામાં આવી હતી. ક્યુટીકોનના સાત મહત્વના મુદ્દાઓ જેવા કે ચામડીના દર્દો, વાળના રોગો, ડર્મેટોસર્જરી, લેશર અને અન્ય મશીનથી થતી સારવાર, બાળકો અને ગર્ભવતી મહિલાઓ માટે ચામડીની સારવાર આ બધા વિશે ૨૦૯થી વધુ લેક્ચર, ૧૦૦ વધુ સેસન, ૧૫૦થી વધુ ફેકલ્ટી દ્વારા માહિતી આપવામાં આવી હતી. ૭૫૦ વધુ રજીસ્ટ્રેશન થયું હતું એ લોકો પરીવાર સાથે હાજર રહ્યા હતા. આ લોકો મનોરંજક માટે ઘણા કલાકારો બોલાવામાં આવ્યા હતા અને તેમને દેશી અને વિદેશી ભોજન પીરસવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સૌરાષ્ટ્ર અને ગુજરાતની ટીમએ ખુબ જ જેહમત ઉઠાવી હતી તે બદલ ડો. પિયુષ બોરખતરીયાએ બધાનો આભાર માન્યો હતો. વર્કશોપ અને કોન્ફરન્સની સાથે સાથે ટ્રેડ ફેર પણ યોજાયો હતો જેમાં ૭૦થી વધુ કંપનીઓએ ભાગ લીધો હતો. જૂનાગઢમાં આ કાર્યક્રમનું આયોજન કરવા માટેનો એ પણ ઉદ્દેશ હતો કે જૂનાગઢમાં આવેલા પ્રવાસન સ્થળો ઉપરકોટ, રોપવે ગિરનાર, આજુબાજુમાં આવેલા પ્રવાસ સ્થળો જેવા સાસણગીર, સોમનાથ એ બધી જગ્યા પણ હાઈલાઈટ થાય અને બધા એ આ સ્થળોની મુલાકાત પણ લીધી હતી. સાથે સાથે આ કાર્યક્રમમાં ૨૫૦થી વધુ દર્દીઓને લાખો રૂપિયાના ખર્ચ એ થતી સારવાર વિના મૂલ્યે આપવામાં આવી હતી.

# જૂનાગઢની મેડિકલ કોલેજ ખાતે શિક્ષકગણોની CPRની ટ્રેનિંગમાં ગિરનારી ગ્રુપ દ્વારા યોજાયેલ રક્તદાન કેમ્પ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, જૂનાગઢની જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ ખાતે તા.૧૭ને રવિવારના રોજ જૂનાગઢ જિલ્લા શિક્ષકગણોની **CPR**ની ટ્રેનીંગનું જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા તથા ગિરનારી ગ્રુપ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમનું દીપ પ્રાગટ્ય જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન દીવરાણીયા, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ઘુચલા, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી જેઠવા, જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટ તથા ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ હતું. આ રક્તદાન કેમ્પમાં જૂનાગઢ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, જિલ્લા પ્રાથમિક શિક્ષક મહાસંઘ, જિલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ, જિલ્લા શિક્ષણ પરિવારના સભ્યઓએ સહકાર આપેલ હતો.

આ કેમ્પમાં ૫૩ બોટલ રક્તનું એકત્રિત કરણ કરવામાં આવેલ હતું અને એ તમામ રક્ત જૂનાગઢની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં થેલેસેમિયા ગ્રસ્ત બાળકો, સગર્ભા મહિલાઓ તથા જરૂરિયાતમંદ લોકોને ઉપયોગી થવા માટે અર્પણ કરવામાં આવેલ હતું.

આ કેમ્પમાં ગિરનારી ગ્રુપના સભ્યઓ નરેન્દ્રસિંહ ચુડાસમા, સમીરભાઈ દવે, કિર્તીભાઈ પોપટ, પ્રયાગભાઈ યાદવ, દેવાંગભાઈ પંડ્યા, દિનેશભાઈ રામાણી, કે.કે. ગોસાઈ બાપુ સહિતના લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી અને તમામ રક્તદાતાઓને રિઝવાન ફાઉન્ડેશન ગ્રુપના બસીરભાઈ, રાહુલભાઈ દ્વારા ગિફ્ટ અર્પણ કરવામાં આવેલ હતી તેમ યાદીના અંતે જણાવ્યું હતું.

# સૌરાષ્ટ્રમાં પ્રથમ ટ્રેન ૧૮ ડીસેમ્બરે પાટા ઉપરથી દોડતી થઈ હતી

(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ પાટણ તા. ૧૮

સૌરાષ્ટ્રમાં રેલ્વે ઈતિહાસનો આજે સુવર્ણદિન છે. આજે જયારે ભકડ.. છૂક.. ભકડ.. છૂક, ખડબડ.. ખડબડ.. પાટા ઉપર દોડતી ટ્રેનથી માંડી, પાવાથી માંડી વ્હીસલ સુધી ટ્રેન વ્યવહારમાં આમુલ પરિવર્તન થયું છે. સૌરાષ્ટ્રમાં પ્રથમ ટ્રેન ૧૮ ડીસેમ્બર ૧૮૮૦થી શરૂ થઈ હતી. જેમાં રાજવીઓ અને અંગ્રેજોનું મહત્વનું પ્રદાન છે. ૧૮૫૩માં સૌ પ્રથમ રેલ્વે મુંબઈ અને થાણા વચ્ચે દોડી હતી. ગોંડલના રાજવી સર ભગવતસિંહજી અને ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીનો સાથ મળતાં ભાવનગર-ગોંડલ, ભાવનગર-વઢવાણ, ધોળા-ધોરાજી એમ કુલ ૩૨૩ કીમી રેલ્વે લાઈનો મંજુર થઈ હતી. જે કામ ૧૮૮૦માં પૂર્ણ થતાં ગર્વનર ફગ્યુર્શને ઉદઘાટન કર્યુ હતું. આમ ૧૮ ડીસેમ્બર ૧૮૮૦થી સૌરાષ્ટ્રમાં પ્રથમ ટ્રેન દોડી હતી.

## વેરાવળ અને રેલ્વે

| ટ્રેન | શરૂ થયા તારીખ |
|---|---|
| વેરાવળ-જૂનાગઢ | ૧-૨-૧૮૮૯ |
| જૂનાગઢ-જેતલસર | ૧-૯-૧૮૮૮ |
| વેરાવળ-તાલાળા | ૨-૪-૧૯૧૮ |
| તાલાલા-જાંબુર | ૧૭-૩-૧૯૨૦ |
| જાંબુર-પ્રાંચી રોડ | ૧૩-૧૧-૧૯૨૮ |
| પ્રાંચી-જામવાળા | ૧૮-૪-૧૯૩૨ |
| જામવાળા-દેલવાડા | ૧૦-૧-૧૯૩૫ |

## અવસાન નોંધ-બેસણું



જૂનાગઢ : સ્વ.જમકુબેન સવજીભાઈ(નિવૃત રેલ્વે કુલી)તે ભગવાનજીભાઈ (કનુભાઈ) દામજીભાઈ મેરના માતૃશ્રીનું તા.૧૬-૧૨-૨૩ને શનિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૮-૧૨-૨૩ સોમવારના રોજ સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાન ખામધ્રોળ રોડ, ભુમિ એપાર્ટમેન્ટવાળી શેરી, સુદર્શન પાર્ક રાખેલ રાખેલ છે.

## બિમારીથી કંટાળી પ્લાસવાના વૃધ્ધાએ એસીડ પી જીવનનો અંત આણ્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ તાલુકાના પ્લાસવા ગામે રહેતા કાંતાબેન કાળાભાઈ ભુવા(ઉ.વ.૬૫)ને બીપી, ડાયાબીટીશ તથા હૃદય અને કીડનીની લાંબી બિમારીના લીધે અસહ્ય દુ:ખાવાના લીધે કંટાળી પોતાની મેળે પ્લાસવા પોતાના ઘરે એસીડ પી જતા તેઓનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે જૂનાગઢ તાલુકા પોલીસ દ્વારા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ભાવનગરને ટ્રેન આપવા બદલ મધુર સોશ્યલ ગ્રુપ દ્વારા આભાર મનાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ જૂનાગઢને ભાવનગરની ટ્રેન આપવાની લાંબા સમયની લોક માંગને પૂરી કરવામાં આવી છે. જૂનાગઢ-ભાવનગર ટ્રેન શરૂ થતા સમગ્ર સૌરાષ્ટ્રમાં આનંદનો માહોલ છવાયો છે. ત્યારે જૂનાગઢ મધુર સોશિયલ ગ્રુપના પ્રમુખ સલીમ ગુજરાતી અને અમિષ ગોસાઈ અને ટ્રેનની માંગ સાથે જોડાયેલા આગેવાનોએ કેન્દ્રની વિકાસ લક્ષી અભિગમ ધરાવતી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારનો આભાર માની જૂનાગઢને ભાવનગરની સીધી ટ્રેન આપવા બદલ શુભકામના પાઠવી હતી.

# કેશોદ તાંત્રીક વિધી કરવાના બહાને દુષ્કર્મનો ભોગ બનાવનાર ભુવા સહિત ૫ આરોપી ઝડપાયાં

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૮

જુનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા નાઓની સુચના અનુસાર ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક ડી.વી. કોડીયાતર , કેશોદ વિભાગની સુચના મુજબ કેશોદ પોલીસ સ્ટેશન વિસ્તારમા કોઈ સ્ત્રી ઉપર અત્યાચાર કર્યા અંગેની કોઈ હકીકત મળી આવ્યે તાત્કાલીક એકશનમા આવી કાર્યવાહી કરવાની આપેલ સુચના મુજબ ગઈ તારીખ ૧૫/૧૨/૨૦૨૩ ના રોજ એક ભોગ બનનાર બહેનને કેશોદ પોલીસ સ્ટેશન આવી પોતાના ઉપર થયેલ અત્યાચારની આપ વીતી હકીકત જાહેર કરેલ કે, ગઈ તારીખ ૦૯/૧૨/૨૦૨૩ ના આરોપી ફેઝલ પરમારએ ટેલીફોનથી ભોગબનનારને જાણ કરેલ કે, એક ભુવાજી છે જે તાંત્રીક વિધી દ્વારા ઉપરથી રૂપીયા ખેરે છે. તેમ કહી ભોગ બનનારને રૂપીયા આપવાની લાલચ આપી તેઓને ગઈ તારીખ ૧૦/૧૨/૨૦૨૩ ના રોજ કેશોદ એસ.ટી ડેપો ખાતે બોલાવી ત્યાથી આરોપી ફેઝલ યુનુસ પરમાર રહે રાજકોટ. વિજય બાબુભાઈ વાઘેલા રહે ગોંડલ.નારણ સોમાતભાઈ બોરખતરીયા રહે નગીચાણાગામ તા. માંગરોળ નાઓએ ભોગ બનનારને બુલેટ ઉપર બેસાડી કેશોદ બાયપાસ ચોકડી પાસે લઈ જઈ ત્યા પાંચેય આરોપીઓએ કાવતરૂ રચી ભોગ બનનારને ઈનોવા કારમા બેસાડી ટીનમસ ગામની સીમમા લઈ જઈ ત્યા તાંત્રીક વિધી કરવાના બહાને સાગર ઉર્ફે ભીખુ ધીરૂભાઈ બગથરીયા રહે ડેડકીયાળ ગામ તા. મેંદરડા ભોગબનનારના શરીર ઉપર અડપલા કરી છેડતી કરી ત્યા મહેમાનો આવી જતા વિધી થાય તેમ નથી તેમ જણાવી ભોગબનનારને ત્યાથી કેશોદના મેસવાણ ગામની સીમમા એક ખેતરે લઈ જઈ ત્યા એક રૂમમા સાગર ઉર્ફે ભીખુ ધીરૂભાઈ બગથરીયા રહે ડેડકીયાળ ગામ તા. મેંદરડા એ ભોગબનનાર ને તાંત્રીક વિધીના બહાને બળજબરી પુર્વક દુષ્કર્મ આચરવા જતા ભોગ બનનારે ના પાડતા સાગર ભુવાજીએ જ્ઞાતી પ્રત્યે હડધુત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરી પુર્વક દુષ્કર્મ આચરી ફરી વખત બોલાવવા માટે અડધી વિધી થયેલ છે હજી બાકીની વિધી માટે ફરીથી આવવુ પડશે તેમ જણાવી ત્યાથી ભોગબનનારને મુકત કરેલ બાદ તા ૧૪/૧૨/૨૦૨૩ ના રોજ ફરીથી વિધીના બહાને ભોગ બનનારને બોલવતા ભોગ બનનારે ફરી તેની સાથે કોઈ ખરાબ કુત્ય કરશે તેવી દેહશત જણાતા ભોગ બનનાર કેશોદ પોલીસ સ્ટેશન આવી તેઓએ ઉપરોકત પોતાના પર થયેલ આપવીતી જણાવતા કેશોદ પોલીસ સ્ટેશનમા તેઓની ફરીયાદ લઈ સાગર ઉર્ફે ભીખુ ધીરૂભાઈ બગથરીયા રહે ડેડકીયાળ ગામ તા. મેંદરડા, ફેઝલ યુનુસ પરમાર રહે રાજકોટ, વિજય બાબુભાઈ વાઘેલા રહે ગોંડલ, નારણ સોમાતભાઈ બોરખતરીયા રહે નગીચાણાગામ તા માંગરોળ સિકંદર અલીભાઈ દેખૈયા રહે રાજકોટ વિરુદ્ધ કેશોદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં ફસ્ટ - ૧૧૨૦૩૦૩૦૨૩૦૯૫૨/૨૦૨૩ આઈ.પી.સી કલમ. ૩૫૪(એ)(૧)(i), ૩૭૬, ૫૦૬(૨),૧૨૦(બી) તથા એટ્રોસીટી એકટ કલમ ૩(૧)**(R)(S)**, ૩(૨)(૫) મુજબનો ગુન્હો રજી. કરી આરોપીઓની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરેલ છે.નાયબ પોલીસ અધીક્ષક એ.એસ.પટણી, પોલીસ ઈન્સ્પેકટર બી.બી.કોળી પોલીસ સબ ઈન્સપેકટર એસ.એન. સોનારા,પોલીસ હેડ કોન્સ્ટેબલ કીરણભાઈ જીવાભાઈ ડાભી, પોલીસ કોન્સ્ટેબલ રોહીત મોહનભાઈ ભંભાણા, માનસિંહ ખુમાણભાઈ ભલગરીયા, અમરસિંહ હામાભાઈ જુજીયા તેમજ જુનાગઢ કાઈમ બ્રાંચ ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરી ગણતરીના કલાકોમાં આરોપીઓ ને ઝડપી લીધા છે. કેશોદ પોલીસ દ્વારા નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરી વધુ તપાસ માટે રીમાન્ડની માગણી કરવામાં આવશે.

# વડાલ-કાથરોટા રોડ ઉપર આવેલા પુષ્ટિસંસ્કાર ધામમાં સપ્તદિવસીય શિલાન્યાસ મહોત્સવની ભાવભેર ઉજવણી

## એક જ દિવસમાં ૧ લાખ વૈષ્ણવો ઉમટ્યા, બાળકનું સંસ્કૃતમાં સંચાલન, કૃષ્ણજીવન ઉપર આધારિત કૃતિએ લોકોને ઝકડી રાખ્યા





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

વડાલ-કાથરોટા રોડ ઉપર આવેલા વૈષ્ણવોના સૌથી મોટા પુષ્ટી સંસ્કાર ધામ ખાતે સપ્તદિવસ્ય શિલાન્યાસ મહોત્સવની ભાવભેર અને ઉત્સાહભેર ઉજવણીનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. પુષ્ટિ સંસ્કાર ધામ શિલાન્યાસ મહોત્સવમાં ગઈકાલે રવિવારે એક લાખથી વધુ વૈષ્ણવો ઉમટી પડ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન બાળકોએ સંસ્કૃત ભાષામાં કર્યું હતું. માણાવદર પાઠશાળાના બાળકોએ કૃષ્ણજીવન લીલી આધારિત શ્રી નંદકુમાર અષ્ટકમ રજૂ કર્યું હતું જેણે લોકોને ઝકડી રાખ્યા હતા. સાથે નવધા ભક્તિ આધારિત કૃતિ રજૂ થઈ હતી. અમદાવાદ, અંકલેશ્વર જેવી દૂરની પાઠશાળાના બાળકોએ પણ કૃતિ રજૂ કરી હતી. વૈષ્ણવ સંવાદની કૃતિએ વડિલોને પણ આશ્ચર્ય ચકિત કરી દીધા હતા. પુણ્યશ્લોક બાવાશ્રી સખા મંડળીની શ્રી વલ્લભ બિરૂદાવલી નાટીકાનું પણ મંચન થયું હતું. પુષ્ટિ સંસ્કાર ધામ સંકુલ નિર્માણની આગળના આયોજનની માહિતી કન્વિનર આનંદભાઈ ઠક્કરે આપી હતી જયારે મધૂરેન સમાપન ગોસ્વામી પિયુષબાવાએ પુષ્ટિસંસ્કાર ધામના દાતાના સન્માન સાથે કર્યું હતું.

# જૂનાગઢના માણાવદર તાલુકાના દગડ ગામના પાટીયા નજીક બાઈક-રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા યુવાનનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ ફરવા આવેલા યુવાનનું બાઈક રિક્ષા સાથે ટકરાતા તેનું મૃત્યું નિપજ્યું હતું અને અક્સ્માતમાં મૃતકના મિત્રને ગંભીર ઈજા તેમજ રિક્ષાનાં પેસેન્જરોને પણ નાની મોટી ઈજા થઈ હતી.

આ અંગે પોલીસમાંથી મળતી વિગત અનુસાર માણાવદરના મીતડી રોડ વિસ્તારમાં રહેતા હિતેશભાઈ અજીતભાઈ જાડેજા(ઉ.વ.૨૦) અને તેનો મિત્ર જગદીશ અશ્વિન સોલંકી ૧૨ ડિસેમ્બરના રોજ સાંજે બાઈક ઉપર બેસીને જૂનાગઢ ફરવા આવી રહ્યા હતા ત્યારે માણાવદર તાલુકાના દગડ ગામના પાટીયા પાસે પેટ્રોલ પંપ સામે માણાવદર વંથલી તરફ જઈ રહેલ પ્યાગો રીક્ષામાં અથડાતા હિતેશભાઈનું ગંભીર ઈજા થવાથી મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે મૃતકના મિત્ર જગદીશ સોલંકી ઉપરાંત રિક્ષાના પેસેન્જરને પણ નાની મોટી ઈજા થઈ હતી.

સારવાર, સેવા, સમર્પણનો પર્યાય બનતી રાજકોટ સિવિલ હોસ્પિટલ ''પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના'' હેઠળ

# ડૉ.પંકજ બુચ અને તેના સમગ્ર સ્ટાફે અમારી દીકરીની ચિંતા કરીને પૂરી નિષ્ઠાથી સારવાર કરી અમારી દીકરીને નવજીવન બક્ષ્યું છે : માતા ભાવિકાબેન બારડ

**મગજમાં સોજા (ઓટોઈમ્યુન એન્સેફેટેલાઈટીઝ)ની બીમારીથી પીડિત ગંભીર સ્થિતિમાં દાખલ થયેલી ૩ વર્ષીય દીકરી રિવાને ફરીથી હસતી રમતી કરતી રાજકોટ સિવિલ હોસ્પિટલ**



(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ તા.૧૮

પરિણામલક્ષી કામગીરી કરવાના સંકલ્પ સાથે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દરેક ક્ષેત્રમાં અસરકારક કામગીરી કરી રહી છે. શિક્ષણ, કૃષિ, ઉદ્યોગ અને આરોગ્ય સહિતના વિવિધ ક્ષેત્રોમાં જનહિત માટે અમલી સરકારની કલ્યાણકારી યોજનાઓના ફલશ્રૃતિના કિસ્સાઓ રાજ્યના દરેક ખુણે સાંભળવા મળી રહ્યા છે. ત્યારે આરોગ્ય ક્ષેત્રે સુરક્ષા કવચ પુરૂં પાડતી કલ્યાણકારી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો હદયસ્પર્શી કિસ્સો રાજકોટ જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં બન્યો છે.

વાત છે ગીર સોમનાથના સુત્રાપાડા તાલુકાના સુંદરપરા ગામમાં રહેતા અને ખેતી કામ કરીને ગુજરાન ચલાવતા દિલાવરભાઈ બારડની ત્રણ વર્ષીય દીકરી રિવા બારડની. ખાનગી હોસ્પિટલમાંથી રીફર કરાયેલ અને ઓટોઈમ્યુન એન્સેફેટેલાઈટીઝ એટલે કે મગજમાં સોજાની બીમારીથી પીડિત રિવાને ૧૫ સપ્ટેમ્બરના રોજ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ચિંતાજનક અવસ્થામાં દાખલ થયેલી રિવાની ''પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના'' હેઠળ સારવાર છેલ્લા ૩ મહિનાથી નિઃશુલ્ક સારવાર કરવામાં આવી રહી છે.

રિવાની સારવાર અંગે વિગતવાર માહિતી આપતાં બાળનિષ્ણાંત ડો.પંકજ બુચે જણાવ્યું હતું કે, રિવા ત્રણ મહિના પહેલા કે.ટી. ચિલ્ડ્રન હોસ્પિટલના પીડિયાટ્રીક ઈન્સેટીવ કેર યુનિટમાં દાખલ થઈ હતી. ત્યારે ગંભીર અને બેભાન સ્થિતિમાં હતી. બાળકની સારવાર કરતા તેને ઓટોઈમ્યુન એનસેફેલાઈટીઝ બિમારી એટલે કે મગજમાં સોજો હોવાનું નિદાન થયું હતું. જેમાં પેરાલિસિસ, શ્વાસ લેવામાં તકલીફ, મગજમાં સોજો અને ખેંચ આવી શકે છે. રિવાને અંદાજે એક થી દોઢ મહિના સુધી ઈન્સેટિવ કેરમાં સારવાર આપવામાં આવી હતી. જે દરમિયાન સાયટોટોકસીક, ઈમ્યુનોગ્લોબલીના ઈન્જેક્શન, સ્ટીરોઈડના હેવી ડોઝ અને એન્ટીકન્ઝર્વેન્ટથી સારવાર આપવામાં આવી છે. બે થી ત્રણ વખત MIR, EAG અને અન્ય વધારાની તપાસ કરાઈ હતી. આમ બે થી ત્રણ મહિનામાં રિવાની તબિયતમાં સુધારો થયો અને આજે તે બોલી-ચાલી શકે છે અને વસ્તુઓ પણ ઉપાડી શકે છે.

ત્રણ મહિનાની સઘન સારવાર પછી લાડકવાયી દીકરી રિવાના સુધરેલા સ્વાસ્થ્યને જોઈને રાહતનો શ્વાસ લેતા તેના પિતાશ્રી દિલાવરભાઈએ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતાં કહ્યું હતું કે, સારવાર દરમિયાન ખબર પડી કે અહીં ''પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના'' હેઠળ મળેલી નિઃશુલ્ક સારવાર ખાનગી હોસ્પિટલમાં પાંચ થી છ લાખ રૂપિયામાં થાત. મારી દીકરીને અપાતા એક ઈન્જેકશનની કિંમત આશરે ૧૫ થી ૧૮ હજારની થાય છે. ત્યારે મારા જેવા સામાન્ય પરિવારમાંથી આવતા માણસ માટે ૫ થી ૬ લાખ રૂપિયા બહુ મોટી રકમ છે. નિરાધારનો આધાર બનતી સરકારનો આભાર કે આયુષ્માન ભારત કાર્ડને કારણે આજે એક પણ રૂપિયાના ખર્ચ વિના મારી દિકરીની સારવાર કરી શક્યો છું.

માતા ભાવિકાબહેનએ હોસ્પિટલના સ્ટાફની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, જ્યારે સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં આવ્યા નહોતા એ પહેલા થતું હતું કે સરકારી દવાખાનું છે તો સારવાર સારી મળશે કે નહીં ! પરંતુ અહીં આવ્યા પછી અમને ખબર પડી કે દર્દીઓની સારામાં સારી સારવાર સિવિલ હોસ્પિટલમાં થાય છે. નાના સફાઈ કામદારથી લઈને મોટા તબીબી અધિકારીઓ છેલ્લા ૩ મહિનાથી સતત અમારી પડખે ઊભા છે. સ્વાભાવિક છે કે માતા પિતા તેના સંતાન માટે ચિંતિત હોય પરંતુ ડૉ. પંકજ બુચ અને તેના સમગ્ર સ્ટાફે અમારી દીકરીની ચિંતા કરીને પૂરી નિષ્ઠાથી સારવાર કરી છે. અમને સમયાંતરે હિંમત અને સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું છે. દરેક બાળ દર્દીનું એટલું જ ધ્યાન રાખીને અહીં સારવાર કરતા મે ડોકટરોને જોયા છે. દર્દી માટે ડોક્ટરના સ્નેહ અને મહેનતના સમન્વયે અમને અનુભવ કરાવ્યો કે, ખાનગી હોસ્પિટલને ટક્કર મારે તેવી ઉત્તમ સારવાર સરકારી હોસ્પિટલમાં આપવામાં આવે છે. એ કહેવામાં કોઈ ખોટું નથી કે સરકાર તો આર્થિક રીતે મદદ કરી રહી છે પરંતુ સરકારની આ યોજનાને તબીબો સાચા અર્થમાં સફળ કરી રહ્યા છે.

આમ સારવાર, સેવા, સમર્પણનો પર્યાય બનીને રાજકોટ સિવિલ હોસ્પિટલ રિવાની જેમ અનેક દર્દીઓને નવજીવન બક્ષીને નાગરીકોના જીવનમાં ખુશીઓનો પ્રકાશ ફેલાવી રહી છે.

# બહાઉદ્દીન વિનયન કોલેજ જૂનાગઢ ખાતે વિદ્યાર્થીલક્ષી સેમીનાર યોજાયો







જૂનાગઢ તા. ૧૮

જૂનાગઢ બહાઉદીન વિનયન કોલેજ, જૂનાગઢ ખાતે વિદ્યાર્થીઓને સાહસિક પ્રવૃતિઓથી માહિતગાર કરવા તથા વિદ્યાર્થીઓમાં સાહસિક્તાના ગુણો કેળવાય તે હેતુથી કોલેજ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જે કાર્યક્રમમાં મુખ્ય વક્તા તથા માર્ગદર્શન તરીકે ઉપરાષ્ટ્રપતિ સમ્માનિત એવા પર્વતારોહક દીપકભાઈ સોલંકીની વિશેષ ઉપસ્થિતી રહી હતી.

મુખ્ય રીતે આ કાર્યક્રમમાં રોક કલાઈમ્બિંગ, સ્વિમિંગ, પર્વતારોહણ જેવી સાહસિક પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ક્ષેત્રે વિકસી રહેલ કારકીર્દીની સમ્ભાવનાઓ વિશે પણ વાત કરવામાં આવી હતી. અંતમાં વિદ્યાર્થીઓને ક્લાઈમ્બિંગનો ડેમો આપીને પ્રાયોગિત ધોરણે પણ સમજાવવામાં આવ્યું હતું. આ તકે કોલેજના આચાર્ય ડો. પી.વી.બારસીઆ દ્વારા વિદ્યાર્થીઓને આવી પ્રવૃતિઓમાં જોડાવવા માટે આહવાન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના પ્રાધ્યાપક ડો.જીતેનભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# શ્રી પ્રેમાનંદ સ્કૂલ ખાતે જીવન શિક્ષણ વિષય પર સેમિનાર યોજાયો






(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢની જાણીતી શૈક્ષણિક સંસ્થા શ્રી પ્રેમાનંદ સ્કૂલ ખાતે તાજેતરમાં પૂજ્ય શ્રી મુક્તાનંદજી બાપુએ વિદ્યાર્થીઓને જીવન શિક્ષણના પાઠ ભણાવ્યા હતા.

પૂજ્ય બાપુનું માનવું છે કે પાઠ્યપુસ્તકના અભ્યાસ ઉપરાંત પણ જીવનમાં ઘણું બધું શીખવાનું હોય છે. સંસ્કાર - શિસ્ત - સંવેદના સાથેના માનવ ગુણોનું બાળકોના મન અને મસ્તિષ્કમાં સિંચન કરીને તેને મહાન વ્યક્તિ બનાવી શકાય. આવા રાષ્ટ્રવાદી બાળકો જ ભવિષ્યમાં ભવ્ય ભારતના સપૂતો બનશે.

સંસ્થાના ડાયરેક્ટર ડો. માતંગ પુરોહિતના જણાવ્યા મુજબ પૂજ્ય મુક્તાનંદ બાપુએ દરેક ઉંમરના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો અને વિદ્યાર્થીઓની ઉંમરને આધારે તેમને વાર્તાઓ, ધૂન, સત્ય ઘટનાઓ વગેરેના સાત્વિક અને તાત્વિક ઉદાહરણો દ્વારા બોધ આપ્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગરથી શ્રી વોરા સાહેબ તથા ચાપરડા થી શ્રી સંજયભાઈ વઘાસિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ સેમિનારમાં ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ અને લાભાન્વિત થયા હતા. ઉપરાંત વાલીઓએ પણ પ્રેમાનંદ સ્કૂલના આ જીવન શિક્ષણના બોધ પાઠને આવકાર્યો હતો.

દિગ્ગજ ઉદ્યોગપતિને સાયરસ મિસ્ત્રીની જેમ મારવાની ધમકી

# ઉદ્યોગપતિ રતન ટાટાને મારી નાખવાની ધમકી આપનારો ઝડપાયો

મુંબઈ, તા.૧૮

દેશના દિગ્ગજ ઉદ્યોગપતિ અને ટાટા ગ્રુપના ચેરમેન રતન ટાટાને જાનથી મારી નાખવની ધમકી આપનારા વ્યકિતને મુંબઈ પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે જણાવ્યું કે, તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, અનામી કોલર સ્કિઝોફ્રેનિયાથી પીડિત છે.

મુંબઈ પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે, કોલરે પોલીસને રતન ટાટાની સુરક્ષા વધારવા માટે કહ્યું હતું અને એવું ન કરવા પર ચેતવણી આપી કે, ઉદ્યોગ જગતના આ દિગ્ગજના હાલ ટાટા સન્સના પૂર્વ ચેરમેન સાયરસ મિસ્ત્રીના જેવા જ થશે.

સાયરસ મિસ્ત્રીનું ૪ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ એક કાર અકસ્માતમાં મૃત્યુ થઈ ગયુ હતું. કોલ મળતાની સાથે જ મુંબઈ પોલીસ એલર્ટ મોડમાં આવી ગઈ. એક ખાસ ટીમને રતન ટાટાની અંગત સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી હતી જ્યારે બીજી ટીમને કોલ કરનાર વિશે માહિતી એકઠી કરવા માટે કહેવામાં આવ્યું હતું. પોલીસે જણાવ્યું કે, તેમણે ટેક્નિકલ સપોર્ટ અને ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડરની મદદથી કોલરને શોધી કાઢ્યો છે.

પોલીસે જણાવ્યું કે, ધમકીભર્યો કોલ કરનારનું લોકેશન કર્ણાટકનું હતું. તે પૂણેનો રહેવાસી હતો. ઘટના બાદ પોલીસ પૂણે સ્થિત તેના ઘર પર પહોંચતા જ તેમને જાણવા મળ્યું કે, કોલર છેલ્લા પાંચ દિવસથી લાપતા હતો અને તેમની પત્નીએ શહેરના ભોસરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. કોલ કરનાર આરોપીના પરિવારજનોની પૂછપરછ કરતા અધિકારીઓને જાણવા મળ્યું કે, તે સ્કિઝોફ્રેનિયાથી પીડિત છે અને જે ફોન પરથી તેણે ફોન કર્યો હતો તે જણાવ્યા વગર કોઈના ઘરમાંથી લઈ લીધો હતો. પૂછપરછ દરમિયાન તેમના પરિવારજનોએ જણાવ્યું કે, ફોન કરનાર વ્યક્તિએ ફાઈનાન્સમાં એમબીએ કર્યું છે અને એન્જિનિયરિંગનો અભ્યાસ પણ કર્યો છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, આરોપીએ મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને રતન ટાટાને ધમકી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું કે, ફોન કરનાર વ્યક્તિ સ્કિઝોફ્રેનિયાનો સામનો કરી રહ્યો છે એટલા માટે પોલીસે તેમના વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી ન કરવાનો નિર્ણય કર્યો છે.

જાન્યુઆરીમાં અયોધ્યામાં રામમંદિરનું ઉદ્‌ઘાટન થશે

# અયોધ્યા માટે દેશમાંથી ૧૦૦૦થી વધુ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનું આયોજન

**રેલવેની દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, કોલકાતા, બેંગલુરુ, પુણે, નાગપુર, લખનઉ, જમ્મુ સહિતના શહેરોથી ટ્રેન દોડશે**

નવી દિલ્હી, તા.૧૮

અયોધ્યમાં ૨૦૨૪ની જાન્યુઆરીમાં ભવ્ય રામ મંદિરનું ઉદ્‌ઘાટન થવાનું છે ત્યારે રામ ભક્તો માટે એક સારા સામાચાર આવ્યા છે જેમાં ભારતીય રેલવેએ ભક્તો માટે દેશના વિવિધ ક્ષેત્રોમાંથી ૧૦૦૦થી વધુ સ્પેશ્યલ ટ્રેન અયોધ્યા માટે દોડાવવાની યોજના બનાવી રહ્યું છે.

દેશના કરોડો હિંદુઓની આસ્થા જેની સાથે જોડાયેલી છે તે રામ મંદિરનું ૨૨મી જાન્યુઆરી ૨૦૨૪માં ઉદ્‌ઘાટન થવાનું છે ત્યારે રામ ભક્તોમાં આ ઉદ્‌ઘાટનને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભારતીય રેલવે પણ વધુમાં વધુ રામ ભક્તો અયોધ્યા રામ મંદિરના ઉદ્ધાટનમાં પહોંચી શકે તે માટેનું આયોજન કરી રહી છે અને તેના માટે રેલવે દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, કોલકાતા, બેંગલુરુ, પુણે, નાગપુર, લખનઉ, જમ્મુ સહિતના મોટા શહેરોમાંથી અયોધ્યા માટે સ્પેશ્યલ ટ્રેન દોડાવવામાં માટે યોજના બનાવી રહી છે.

આ ટ્રેનોનું સંચાલન ૧૯મી જાન્યુઆરીથી શરુ થશે અને રામ મંદિરના ઉદ્ધાટન પછી પણ ૧૦૦ સુધી ચાલુ રહેશે.

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ભક્તોની ભીડને ધ્યાને રાખીને રેલવે વધુને વધુ ટ્રેનો અયોધ્યા માટે દોડાવશે. મોટી સંખ્યામાં આવનારા શ્રદ્ધાળુઓને ધ્યાનમાં રાખીને જ અયોધ્યા સ્ટેશનને પણ નવુ રુપ કરવામાં છે. આ સ્પેશ્યલ ટ્રેન સિવાય રેલવેનો કેટરિંગ અને ટિકિટ વિભાગ પણ ઉદ્ધાટનના ૧૦-૧૫ દિવસ દરમિયાન ચોવીસ કલાક શ્રદ્ધાળુઓની સેવા માટે કાર્યરત રહેવાની વ્યવસ્થા કરી રહ્યો છે. અધિકારીઓ ફૂડ સ્ટોલની પણ યોજના બનાવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ભગવાન રામની મૂર્તીની પ્રાણ પ્રતિષ્ઠાના એક દિવસ બાદ ૨૩મી જાન્યુઆરીથી મંદિર લોકો માટે ખુલ્લુ રહેશે.

એરોનોટિકલ ક્ષેત્રે ભારતની વધુ એક સિદ્ધિ

# સ્વદેશી હાઈ સ્પિડ ફ્લાઈંગ વિંગ યુએવીનું સફળ પરીક્ષણ

બેંગલુરૂ, તા.૧૮

સંરક્ષણ મંત્રાલયે કર્ણાટકના ચિત્રદુર્ગમાં એરોનોટિકલ ટેસ્ટ રેન્જ ખાતેથી એક સ્વદેશી હાઈસ્પીડ ફ્લાઈંગ વિંગ યુએવીની સફળ ઉડાનનું પરીક્ષણ કર્યું. જેનાથી ભારતને આવા પ્લેટફોર્મનું ઉત્પાદન કરવાની ટેક્નિક ધરાવતા દેશોની એક વિશેષ ક્લબમાં સ્થાન મળી ગયું. આ ફ્લાઈંગ ટેસ્ટનો વીડિયો પણ સામે આવ્યો છે.

આ યુએવી ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)ના એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ તરફથી ડિઝાઈન કરાયું છે. આ મામલે મંત્રાલયે કહ્યું કે આ ઓટોનોમલ સ્ટીલ્થ યુએવીનું સફળ ટેસ્ટિંગ દેશમાં ટેકનોલોજીની તત્પરતાના સ્તરમાં પરિપક્વતાનો પુરાવો છે. ટેલ લેસ કોન્ફિગ્યુરેશનમાં આ ટેસ્ટિંગ સાથે ભારત ફ્લાઈંગ વિંગ ટેક્નોલોજીના નિયંત્રણમાં મહારત મેળવનાર દેશોની વિશેષ ક્લબમાં સામેલ થઈ ગયું.

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આ સિસ્ટમના સફળ ઉડાન પરીક્ષણ માટે ડીઆરડીઓ, સશસ્ત્ર દળો અને તેની સાથે સંકળાયેલા ઉદ્યોગોને શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે સ્વદેશી રીતે આવી મહત્ત્વપૂર્ણ ટેક્નોલોજીના સફળ વિકાસથી સશસ્ત્ર દળો વધુ મજબૂત બનશે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે આ ફ્લાઈટના પરીક્ષણથી મજબૂત એરોડાયનેમિક અને કન્ટ્રોલ સિસ્ટમ, ઈન્ટીગ્રેટેડ રિયલ ટાઈમ, હાર્ડવેર ઈન લૂપ સિમ્યુલેશન અને અત્યાધુનિક ગ્રાઉન્ડ કન્ટ્રોલ સ્ટેશનના ડેવલપમેન્ટમાં સિદ્ધીઓ પ્રાપ્ત થઈ. છેલ્લા કોન્ફિગ્યુરેશનમાં સફળ સાતમી ઉડાન માટે એવિયોનિક સિસ્ટમ, ઈન્ટીગ્રેશન અને ફ્લાઈટ ઓપરેશનને ઓપ્ટિમાઈઝ કરાયું હતું. ગ્રાઉન્ડ રડાર/ ઈન્ફ્રાસ્ટ્રક્ચર/પાયલટની જરૂરિયાત વિના આ હાઈસ્પીડ યુએવીની ઓટોનોસ લેન્ડિગે એક અદ્વિતીય ક્ષમતાનું પ્રદર્શન કર્યું.

# દેશના વિદેશી મુદ્રા ભંડારમાં ૨.૮૨ અબજ ડોલરનો વધારો થયો

નવી દિલ્હી, તા.૧૮

દેશના વિદેશી મુદ્રા ભંડારમાં ૨.૮૨ અબજ ડૉલરનો વધારો થયો છે. ૮ ડિસેમ્બરે સમાપ્ત થતાં અઠવાડિયામાં તે વધીને ૬૦૬.૮૬ અબજ ડૉલરે પહોંચી ગયું હતું. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) તરફથી જાહેર કરાયેલા આંકડાઓમાં આ માહિતી સામે આવી હતી. અગાઉના અઠવાડિયે દેશનો કુલ વિદેશી મુદ્રા ભંડાર ૬.૧૦૭ અબજ ડૉલરના ઉછાળા સાથે ૬૦૦ અબજ ડૉલરના આંકડાને વટાવી ગયો હતો. ઓક્ટોબર ૨૦૨૧માં તે ૬૪૫ અબજ ડૉલર હતો જે તેનું ઓલ ટાઈમ હાઈ લેવલ છે. જોકે ડૉલરની તુલનાએ રૂપિયાને બચાવવા માટે આરબીઆઈ દ્વારા મુદ્રા ભંડારનો ઉપયોગ કરાતાં તેમાં ઘટાડો થયો હતો. જોકે વિદેશી મુદ્રા ભંડારનો એક મુખ્ય ઘટક વિદેશી મુદ્રા સંપત્તિ ૩.૦૮૯ અબજ ડૉલર વધીને ૫૩૬.૬૯૯ અબજ ડૉલરે પહોંચી ગઈ છે.

આરબીઆઈએ જણાવ્યું કે ગત અઠવાડિયા દરમિયાન દેશનો ગોલ્ડ રિઝર્વ ૧૯.૪ કરોડ ડૉલરના ઘટાડાને લીધે ૪૭.૧૩ અબજ ડૉલર પર આવી ગયો છે. ટોચની બેંકના આંકડા દર્શાવે છે કે સમીક્ષા હેઠળના અઠવાડિયામાં આઈએમએફ પાસે મૂકી રાખેલા ભારતનો મુદ્રા ભંડાર ૧૧ લાખ ડૉલર ઘટીને ૪.૮૪૨ બિલિયન અમેરિકી ડૉલર થઈ ગયો છે.

# ફંડ મેળવવા કૉંગ્રેસ ડોનેટ ફોર દેશ અભિયાન ચલાવશે

નવી દિલ્હી, તા.૧૮

દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસને ચૂંટણી લડવા માટે પૈસાની જરૂર પડી છે. એટલા માટે જ પાર્ટીએ હવે દેશની પ્રજાની મદદ માગી છે. કોંગ્રેસના મહાસચિવ કે.સી.વેણુગોપાલે શનિવારે દિલ્હીમાં પાર્ટીના હેડક્વાર્ટર પર પ્રેસ કોન્ફરન્સને સંબોધતા 'ડોનેટ ફોર દેશ' અભિયાન ચલાવવાની જાણકારી આપી હતી.

આ અભિયાન એક ક્રાઉડ ફન્ડિંગ અભિયાન છે. તેની શરૂઆત ૧૮ ડિસેમ્બરથી શરૂ થશે. વેણુગોપાલે દાવો કર્યો કે આ સૌથી મોટું ક્રાઉડફન્ડિંગ અભિયાન હશે. કે.સી.વેણુગોપાલે કહ્યું કે કોંગ્રેસને તેના ઓનલાઈન ક્રાઉડ ફન્ડિંગ અભિયાન ડોનેટ ફોર દેશને લોન્ચ કરવાની જાહેરાત કરતાં ગર્વ થાય છે.

આ પહેલ ૧૯૨૦-૨૧માં મહાત્મા ગાંધીના ઐતિહાસિક તિલક સ્વરાજ ફંડથી પ્રેરિત છે. આ અભિયાનને સત્તાવાર રીતે ૧૮ ડિસેમ્બરે દિલ્હીમાં પાર્ટી અધ્યક્ષ દ્વારા શરૂ કરાશે. અમે આ અભિયાન માટે અમારા રાજ્ય સ્તરના પદાધિકારીઓ, ચુંટાયેલા પ્રતિનિધિઓ, ડીસીસી અધ્યક્ષો, પીસીસી અધ્યક્ષો અને એઆઈસીસીને પ્રોત્સાહિત કરીએ છીએ. દરેક પદાધિકારીએ ઓછામાં ઓછા ૧૩૮૦ રૂપિયાનું યોગદાન આપવાનું રહેશે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ભારતીય સશસ્ત્રદળોનો ઉદેશ્ય સૈન્ય ક્ષમતા હાંસલ કરવાનો છે

દેશની સુરક્ષાને ચોક્કસ રાખવામાં ભારતીય વાયુસેનાની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. જોકે ભૂતકાળમાં ભારતીય વાયુસેનાની નિર્ભરતા વિદેશી ટેકનિક પર વધારે રહી છે, પરંતુ હવે એરફોર્સ સતત સ્વદેશી ટેકનિક પર નિર્ભર થતું જાય છે. ભારતીય સશસ્ત્ર દળોનો ઉદ્દેશ્ય પોતાના માટે બહેતર સૈન્ય ક્ષમતા હાંસલ કરવાનો છે, જેનાથી દેશ સીમા પારથી મળનારા પડકારોનો સફળતાપૂર્વક સામનો કરી શકે. ભારત પોતાની સુરક્ષા ચિંતાઓને કારણે રક્ષા ક્ષેત્રમાં સ્વદેશી ટેકનિકના આધાર પર તાકાતવર બનવાની તૈયારીમાં છે. આ સ્વદેશીકરણની અસર દેખાઈ પણ રહી છે. ગ્લોબલ એર પાવર્સ રેકિંગમાં ભારતીય વાયુસેનાને દુનિયાની છઠ્ઠી મજબૂત વાયુસેના રૂપે સ્થાન મળ્યું છે.

ભારતીય વાયુસેનાને શક્તિ સંતુલન જાળવી રાખવા માટે યુધ્ધ પ્લેટફોર્મો, હેલિકોપ્ટરો, નાઈટ વિઝન ઉપકરણો અને અન્ય મહત્ત્વપૂર્ણ રક્ષા ઉપકરણો અને બુનિયાદી માળખાની ખામીઓને મજબૂત કરવાની પણ જરૂર છે. જેને ટેક્નોલોજી હસ્તાંતરણ દ્વારા દેશમાં સંયુક્ત ઉદ્યમ લગાવીને હાંસલ કરવામાં આવે છે. તેમાં રશિયા, ઈઝરાયલ, ફ્રાન્સ અને અમેરિકાથી ટેક્નોલોજીઓનું હસ્તાંતરણ થઈ રહ્યું છે. તેનાથી ભારતે પોતાના ઘરેલુ રક્ષા ઉદ્યોગને મજબૂત કરવામાં મદદ મળી રહી છે.


ભારતીય વાયુસેનાએ હાલમાં જ એક ઘોષણા કરી કે જે અનુસાર સ્વદેશી એરોસ્પેસ ક્ષેત્રને ઉત્તેજન આપતાં લગભગ ૧૦૦થી વધુ ભારત-નિર્મિત એલસીએ માર્ક ૧-એ યુદ્ઘ જેટ ખરીદવાની યોજના લાગુ કરાઈ રહી છે. ભારતીય વાયુસેના મુખ્ય એર ચીફ માર્શલ વીઆર ચૌધરીએ તેની ઘોષણા સ્પેનમાં ત્યારે કરી જ્યારે તેમણે પહેલું સી-૨૯૫ પરિવહન વિમાન પ્રાપ્ત કર્યું. વાયુસેના પ્રમુખ અનુસાર મિગ-૨૩ અને મિગ-૨૭ વિમાનોને નિયમાનુસાર બદલવા માટે જરૂરી છે કે દેશ પાસે એલસીએ શ્રેણીના પર્યાપ્ત વિમાન હોય. તેથી ૮૩ એલસીએ માર્ક ૧-એ ઉપરાંત લગભગ ૧૦૦ બીજાં વિમાનો માટે વાતચીત આગળ વધી રહી છે.

ભારતીય વાયુસેના પ્રમુખે સ્વદેશી ફાઈટર જેટ કાર્યક્રમને લઈને ગયા મહિને હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સહિત તમામ સંબંધિત પક્ષો સાથે સમીક્ષા બેઠક કરી હતી. એ સમયે, એમાંથી લગભગ ૧૦૦ વધારાના વિમાન ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આવનાર દિવસોમાં વાયુસેના પાસે ૪૦ એલસીએ, ૧૮૦થી વધુ એલસીએ માર્ક ૧-એ અને ઓછામાં ઓછાં ૧૨૦ એલસીએ માર્ક-૨ વિમાનો હશે. એલસીએ માર્ક ૧-એ માટે આખરી ઓર્ડર ૮૩ વિમાનો માટે હતો અને પહેલું વિમાન ફેબ્રુઆરી ૨૦૨૪ની આસપાસ મળી જશે. એલસીએ માર્ક ૧-એ તેજસ વિમાનનું ઉન્નત રૂપ છે, જેમાં સ્વદેશી સામગ્રી ૬૫ ટકાથી પણ વધારે હશે. લગભગ એક વર્ષ પહેલાં જોધપુરમાં રક્ષામંત્રી રાજનાથ સિંહે હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવેલ 'પ્રચંડ' લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (એલસીએચ)ને ભારતીય વાયુસેનામાં ઔપચારિક રૂપે સામેલ કરવામાં આવ્યું હતું.

અસલમાં સ્વદેશી ડિઝાઈન અને વિકાસ પ્રત્યે ભારતીય વાયુસેના દ્વારા વ્યક્ત કરાયેલો ભરોસો અને સમર્થન મારુત, એલસીએ, આકાશ મિસાઈલ સિસ્ટમ, એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર અને લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર જેવા ઉદાહરણોથી સ્પષ્ટ છે. સ્વદેશ નિર્મિત એલસીએચ આધુનિક યુધ્ધની જરૂરિયાતો અને સંચાલનની વિભિન્ન પરિસ્થિતિઓમાં જરૂરી ગુણવત્તા માપદંડોને પૂરા કરે છે. આ આત્મસુરક્ષા કરવા, વિભિન્ન પ્રકારના આયુધો લઈ જવામાં અને તેને તરત ક્ષેત્રમાં પહોંચાડવામાં સક્ષમ છે. એલસીએચ સેના અને વાયુસેના બંને માટે ઉપયોગી છે. એલસીએચ એચએએલ દ્વારા ડિઝાઈન અને નિર્મિત પહેલું સ્વદેશી મલ્ટીરોલ કોમ્બેટ હેલિકોપ્ટર છે. જમીની હુમલા અને હવાઈ યુધ્ધની ક્ષમતા છે. આધુનિક સ્ટીલ્ધ વિશેષતાઓ, મજબૂત કવચ સુરક્ષા અને રાત્રે હુમલો કરવાની ક્ષમતા છે.

આજે ભારતીય સેના ન માત્ર સ્વદેશી ટેકનિક આધારિત શસ્ત્રો અને સહયોગી રક્ષા ઉત્પાદનોમાં સક્રિય છે, બલ્કે રક્ષા ઉત્પાદનનો કારોબાર પણ વધાર્યો છે. ૨૦૨૭ સુધી દેશની રક્ષા જરૂરિયાતોનો મોટાભાગનો હિસ્સો ખુદ ઉત્પાદિત કરવા અને તેના દ્વારા વિદેશી મુદ્રાની બચતનું લ-ય મૂકવામાં આવ્યું છે. સ્વદેશી રક્ષા ઉદ્યોગને ઉત્તેજન આપવા માટે ડીઆરડીઓએ આ દિશામાં જ્યાં શોધ અને ટેકનિકલ વિકાસ પર ફોકસ કર્યું, ત્યાં જ રક્ષા ઉદ્યોગ માટે કાર્યરત ભારત ડાયનેમિક્સ લિમિટેડ સહિત જાહેર ક્ષેત્રની રક્ષા ઉત્પાદન કંપનીઓએ પોતાના કામકાજની શૈલીમાં બદલાવ લાવવાની દિશામાં ઝડપ દેખાડી. એવામાં રક્ષા ટેક્નોલોજીના હસ્તાંતરણ પર પણ ફોકસ થયું. છેલ્લા પાંચ વર્ષમાં સરકારે ટેક્નોલોજીના હસ્તાંતરણ સાથે ૨૦૦થી વધુ રક્ષા અધિગ્રહણ પ્રસ્તાવોને મંજૂરી આપી છે. જોકે હજુ મોટાભાગના પ્રસંસ્કરણ પ્રારંભિક ચરણમાં છે. એ પણ કે દુનિયાના ટોચના ૧૦૦ સૌથી મોટા હથિયાર ઉત્પાદકોમાંથી ચાર કંપનીઓ ભારતની છે જે તમામ કંપનીઓ જાહેર ક્ષેત્રના ઉદ્યમ છે અને ઘરેલુ આયુધ માંગના મોટા હિસ્સાને પૂરી કરવાની જવાબદારી એમના પર જ છે.

# IPS એ. કે સુરેલિયા : એવા કોઈ બાહોશ અધિકારી જેને જોઈને ગુનેગારોના પેન્ટ ભીના થઈ જતાં



(જી.એન.એસ)અમદાવાદ,તા.૧૮

ગુજરાતના એવા કોઈ બાહોશ અધિકારી હોય તો એ છૈઁજી એ. કે સુરેલિયા... આજે આપણે એટીએસ અને ક્રાઈમબ્રાન્ચનો દબદબો જોઈએ છે એ દબદબો આ અધિકારીને આભારી છે. એમની ટીમમાં એવા અધિકારીઓ હતા જે કંઈ પણ કરવા માટે હંમેશાં તૈયાર રહેતા હતા. એમને ગીતા જોહરીને પોપટીયાવાડમાં એકલા જઈને બહાર કાઢ્યા હતા. શાહરૂખ ખાનની ફિલ્મ રઈશમાં નવાઝુદીન સિદીકીએ રોલ કર્યો હતો પણ એ એમની આસપાસ પણ પહોંચી શક્યો ન હતો. એ.કે. સૂરોલિયા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં હતા ત્યારે સમગ્ર ગુજરાતના ગુનેગારો ધ્રૂજતા હતા. નવાઝુદ્દીન સિદીકીને જોઈને અધિકારીઓ એ સમયે એમ કહેતા કે હર કોઈ સુરોલિયા નહીં બન શકતા. છેલ્લા કેટલાક વર્ષોથી સુરોલિયા ગુજરાત એટીએસમાં હતા પણ એમની એવી કમનસીબી હતી કે આ સુપરકોપ સાઈડ ટ્રેક રહીને નિવૃત્ત થયા હતા. લતીફના એક્રાઉન્ટર બાદ સુરોલિયા રાજકારણથી દૂર રહેવા જમ્મુ કાશ્મીર ડેપ્યુટેશન પર જતા રહ્યાં હતા. આ અધિકારીનો ગુજરાતમાં એવો દબદબો હતો કે એમના સમયમાં પોલીસ અધિકારીઓ એમનું ઉદાહરણ આપતા હતા. રઈશ ફિલ્મમાં સુપર કોપ એ કે સુરોલિયાનો રોલ નવાઝુદ્દીન સિદ્દીકી કર્યો હતો પરંતુ કદાચ આપ નહીં જાણતા હો કે નવાઝુદ્દીન સિદ્દીકીને એ કે સુરોલિયાએ ૨ કલાક સુધી બેસાડી રાખ્યો હતો. અમદાવાદમાં લતીફ બેફામ બન્યો અને ત્યારે કોઈ વિચારી પણ ન શકતું કે રાજકીય આકાઓની શરણ ધરાવતા લતીફને કોઈ હાથ અડાડી શકશે ત્યારે એ કે સુરોલિયા અને તેમની ટીમે તેનું એક્રાઉન્ટર કરીને લતીફનો અંત કરી દીધો હતો. પોલીસતંત્ર પર રાજકારણની અસર શરૂ થતાં ગુજરાતના આ સુપરકોપે ગુજરાત છોડીને ડેપ્યુટેશન પર બોર્ડર સિક્યુરિટી ફોર્સ (ભ્જીહ્લ)માં જમ્મુ કાશ્મીરને પસંદ કરી લીધું હતું. આટલા બાહોશ અધિકારી ૭ વર્ષથી ગુજરાતમાં સાઈડ પોસ્ટિંગ પર રહ્યા હતા પણ એક સમયે સુરોલિયાનું નામ પડતા જ ગુનેગારો ઉંદરના દરમાં સંતાઈ તેમ સંતાઈ જતા હતા. ગુજરાત પોલીસમાં જે અધિકારીનું નામ બોલતા જ પોલીસની એક સ્વચ્છ અને બહાદુર છબી મગજમાં તરવરી જાય તેવા નિવૃત ઇૈં એ.કે સૂરોલિયાનો નવો લુક હાલમાં પણ પોલીસ વિભાગમાં ચર્ચાનો વિષય છે. લાંબાવાળ અને દાઢીધારી ઇૈં હવે સાધુધારી વેશમાં રહી રહ્યાં છે. આ લુકમાં તેમની સાથે વર્ષો સુધી કામ કરી ચુકેલા કર્મચારીઓ પણ ઓળખી નથી શકતા. ગુજરાતમાં સુરેલિયાનું નામ આજે પણ ખુબ જ આદરથી આજે પણ લેવાય છે. ૯૦ ના દશકમાં તેમના નામથી ભલભલા અસામાજીક તત્વો જોજનો છેટા જતા રહેતા હતા. ગુજરાતના અમદાવાદમાં ૮૦થી ૯૦ના દાયકામાં રમખાણો પણ બહુ જ થતા હતા. એકવાર ડીસીપી સુરેલિયાને સંદેશો મળ્યો કે નાયબ મુખ્યમંત્રી નરહરી અમીન તેમને મળવા માગતા હોવાથી તાત્કાલિક કાર્યાલય પહોંચો. પ્રોટોકોલ પ્રમાણેનો આદેશ હોવાથી સુરેલિયા તેમને કાર્યાલય પહોંચ્યા ત્યારે નરહરી અમિન ટેન્શનમાં હતા. એ સમયે ચીમનભાઈ બાદ નરહરી અમિનનો પડકો બોલ ઝિલાતો હતો. એમને સુરેલિયાને સીધું પૂછ્યું કે શહેરમાં તોફાનો કેમ બંધ થતા નથી. એ સમયે બહુ જ ઓછું બોલતા સુરોલિયાએ સીધો અને સ્પષ્ટ જવાબ આપ્યો હતો કે ૪૮ કલાકમાં જ તોફાન બંધ કરાવી દઉં. સુરોલીયા એક પ્રમાણિક અધિકારી હોવાની સાથે આઈપીએસ ૈંજી પણ હતાં. તેમની વાત ટાળી શકાય તેમ ન્હોતી. તોફાન બંધ થવા જોઈએ તેવી જો રાજ્યની ઈચ્છા હોય તો સુરોલીયા ની શરત માન્યા વગર કોઈ વિકલ્પ ન્હોતો. ચિમનભાઈ પટેલે નરહરિની વાત પુરી થતાં જ કહ્યું નરહરિ સુરોલીયાને કહી દે ૪૮ કલાક નહીં ૭૨ કલાક મારો કોઈ ફોન રાજ્યના કોઈ પણ અધિકારીને આવશે નહીં પણ મારે તોફાન બંધ થવા જોઈએ. જ્યારે નરહરિ એ સુરોલીયાને મુખ્યમંત્રીનો જવાબ સંભળાવ્યો તેની સાથે સુરોલીયા સલામ કરી ચેમ્બરની બહાર નિકળ્યા. પોતાની ઓફિસે પહોંચતા પહેલા તેમણે વાયરસેલ ઉપર પોતાની ટીમને પોતાની ઓફિસમાં હાજર રહેવાની સુચના આપી હતી. હવે પોલીસ એક્શનમાં આવીને તોફાનો બંધ થઈ ગયા હતા. આમ આ એક બાહોશ અધિકારી હતા.

ભારત માટે માથાનો દુખાવો બનેલા અંડરવર્લ્ડ ડોન દાઉદ ગુજરાતમાં પોતાનું નેટવર્ક ઉભુ કરી શક્યો નહોતો. દાઉદને ન માત્ર પડકારી પરતુ ગુજરાતમાં સંપુર્ણ નિષ્ફળ બનાવનારા જાંબાજ પોલીસ અધિકારી સુરેલિયા ગુજરાત એટીએસનું સુકાન પણ સંભાળી ચુક્યાં છે. હાલ પોતાની નિવૃતિનો સમય વાંચનમાં અને મનપસદ પ્રવૃતિઓ કરવામાં વિતાવી રહ્યા છે. સુરેલિયા જયારે અમદાવાદ ક્રાઈમબ્રાંચમાં ફરજ બજાવતા હતા ત્યારે કેટલાક કિસ્સાઓમાં સુરેલિયાના નામથી જ કેસની પતાવટ થઈ જતી હતી. સુરેલિયા એ સ્પષ્ટ વકતા હોવાથી સરકાર સામે એમનો હંમેશાં બારમો ચંદરમા રહેતો હતો. ગુજરાત પોલીસના ઈતિહાસ (હ્વિટ્ટૅ ઁક્રૈષ્ઠી ઊઁર્જઅિ) ની ચર્ચામાં જો કેટલાંક નામો આવતા હોય તો તેમાં એ. કે. સુરોલિયા (છ હ્વ જીઙ્ઘૈં જી) મોખરે છે. ફરજ નિષ્ઠા અને પ્રામાણિકતાની મિશાલ બની ચૂક્યાં છે સુરોલિયા. ૧૯૮૫ની બેચના ૈંજી એ કે સુરોલિયાની ટીમમાં કામ કરનારા અધિકારીઓ પૈકી ત્રણ અધિકારી તેમની કામગીરી અને નિષ્ઠાના કારણે આઉટ ઑફ ટર્ન પ્રમોશન મેળવ્યા હતા. અબ્દુલ લતીફની ૧૯૯૫માં દિલ્હીમાં ધરપકડ કરવામાં આવી હતી. તે સમયે તેની સામે ૪૦થી વધુ ગુના નોંધાયેલા હતા. હંસરાજ ત્રિવેદી (રાધિકા જીમખાના શૂટઆઉટ)ની હત્યા વખતે થયેલી ગેંગ વોર દરમિયાન લતીફના એક્રાઉન્ટરનું આયોજન કરવામાં આવ્યું હતું. કેટલાક આગેવાનો પણ આયોજનમાં જોડાયા હતા. પોલીસની થિયરી અનુસાર, ૧૯૯૭માં પોલીસ કસ્ટડીમાંથી ભાગી ગયેલો લતીફ સરદારનગર પાસે સ્થિત ભૂત બંગલામાં છુપાયો હતો. પોલીસને તેની જાણ થતાં એ.કે. સુરોલિયાના નેતૃત્વમાં તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે તેઓએ પોલીસ પર હુમલો કર્યો હતો. જવાબમાં પોલીસે પણ તેના પર હુમલો કર્યો હતો. આ એક્રાઉન્ટરમાં લતીફ માર્યો ગયો હતો. બાહોશ અધિકારીના જીવનની વાત કરીએ તો તેમનો જન્મ રાજસ્થાનમાં ૫ મે ૧૯૬૦ના રોજ થયો હતો. જેઓ ૧૯૮૫ બેચના અધિકારી હતા. જેઓએ બીએ અને એલએલબી સુધીનો અભ્યાસ કર્યો હતો.

# કૉંગ્રેસ માટે આત્મમંથનનો સમય

shutterstock.com · 2382987411

કારમી હાર બાદ પાર્ટી આઘાતમાં છે. પાર્ટીની સૌથી ખરાબ હાર મધ્ય પ્રદેશમાં થઈ, જ્યાં તેની સત્તામાં વાપસીને લઈને કોઈ શંકા ન હતી. તાજપોશીની પૂરતી તૈયારી થઈ ચૂકી હતી કે અચાનક ભાજપની સુનામી આવી ગઈ. જેટલી સીટો ભાજપને મળી, તે અનપેક્ષિત આંકડો છે. કોંગ્રેસને પરેશાની એટલે છે, કે તેણે પ્રતિદ્વંદ્વીની આવી જીતની આશા સહેજ પણ નહોતી રાખી. તેને અનુમાન હતું કે મુકાબલો કાંટેદાર ચોક્કસ છે, પરંતુ કોંગ્રેસ બાજી મારીને સરકાર બનાવવા લાયક બહુમતી મેળવી લેશે. પરંતુ જે થયું તેણે પ્રદેશ નેતૃત્વને આત્મમંથન કરવા મજબૂર કરી દીધું. હવે હારનાં કારણો શોધવા માટે મંથન થઈ રહ્યું છે. જોવામાં આવે તો તેનો કોઈ મતલબ નથી રહ્યો, જે થવાનું હતું તે થઈ ગયું. હવે આવનાર પાંચ વર્ષ સુધી ભાજપ જ મધ્ય પ્રદેશની સત્તામાં રહેશે અને કોંગ્રેસ વિપક્ષની ભૂમિકામાં!

કમલનાથ છેલ્લા ૬ વર્ષથી મધ્ય પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ છે. પાર્ટી તરફથી તેઓ જ મુખ્યમંત્રીનો ચહેરો પણ હતા. પરંતુ ચૂંટણી પરિણામોએ ભાજપને અવ્વલ સાબિત કરી દીધી. તેને ૧૬૩ સીટો મળી અને કોંગ્રેસને માત્ર ૬૬ સીટ. આ ચૂંટણીમાં ભાજપને પાછલી ચૂંટણીના મુકાબલે ૫૭ સીટોનો ફાયદો થયો. ઈન્દોર, જબલપુર, ગ્વાલિયર, રતલામ, સાગર, દમોહ અને ખંડવા જેવા શહેરી ક્ષેત્રોમાં જે રીતે કોંગ્રેસની હાર થઈ, તે સૌથી વધુ ચિંતાની વાત છે. આ શહેરોમાં પાર્ટીનો સંપૂર્ણ સફાયો થઈ ગયો. જ્યાં સુધી હારનાં કારણોનો સવાલ છે, તો કમલનાથનો સોફ્ટ હિંદુત્વનો ચૂંટણી પ્રયોગ સંપૂર્ણ રીતે અસફળ રહ્યો. કોંગ્રેસ પર ભાજપે હિંદુ વિરોધી હોવાનો આરોપ લગાવ્યો, જેનો જવાબ આપવા માટે કમલનાથે ધાર્મિક આયોજનો પર ધ્યાન આપ્યું. હનુમાન જયંતી પર પાર્ટી ઓફિસમાં જ પૂજાપાઠ કરાવ્યા. પાર્ટીમાં 'ધાર્મિક અને ઉત્સવ વિભાગ'ની રચના સાથે ધાર્મિક કાર્યક્રમ કરાવ્યા. પરંતુ તેનાથી હિંદુઓમાં પકડ બની નહીં અને મુસ્લિમ મતદારો નારાજ થઈ ગયા.

જો કોંગ્રેસની હારનાં કારણોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવે તો એવાં કેટલાંય કારણો સામે આવશે, જે ભાજપની જીતને સાચી સાબિત કરે છે. કોંગ્રેસની હારનાં કારણોમાં આધેડ ઉંમરના કમલનાથ અને દિગ્વિજય સિંહની મોટી ભૂમિકા રહી. કમલનાથ ભલે ૬ વર્ષથી પ્રદેશ અધ્યક્ષ રહ્યા હોય, પરંતુ તેઓ જન નેતા નથી. તેઓ રણનીતિ બનાવી શકે છે, પરંતુ તેને અમલ કેવી રીતે કરવામાં આવે, તે નથી જાણતા. તેમનામાં એક કમજોરી સંપર્કની પણ છે. પાર્ટીના કાર્યકર્તા તો છોડો, ધારાસભ્યો સુદ્ઘાંએ તેમને મળતાં પહેલાં કેટલીય ઔપચારિકતાઓ નિભાવવી પડે છે. આ જ કારણ છે કે તેમને પાર્ટીના પ્રદેશ અધ્યક્ષને બદલે કોર્પોરેટ કંપનીના મેનેજર વધુ કહેવામાં આવે છે. નિશ્ચિતપણે ચૂંટણીમાં તેમની આ આદત પાર્ટી માટે મુશ્કેલી બની છે. આ તેમની સંગઠનાત્મક ખામી જ કહેવામાં આવશે કે તેઓ કોંગ્રેસને એ હાલતમાં લઈ આવ્યા, જ્યાંથી તેના આગળ વધવાની તમામ સંભાવનાઓ જ ખતમ થઈ ગઈ. આ જ સ્થિતિ દિગ્વિજય સિંહની પણ છે, તેઓ પાર્ટી કાર્યકર્તાઓ પર ગુસ્સે ભરાતા જ વધુ દેખાયા. આ બંને નેતાઓને કારણે પાર્ટીમાં નવી લીડરશિપને આગળ આવવાનો મોકો ન મળ્યો. આ વખતે મોટાભાગના યુવા નેતા ચૂંટણી હારી ગયા, ત્યારબાદ ભવિષ્યની સંભાવના પણ ખતમ થઈ ગઈ.

મધ્ય પ્રદેશમાં ભાજપની જીત એટલી મહત્ત્વની નથી, જેટલી કોંગ્રેસની હાર. ભાજપની જીતમાં લાડલી બહના, સનાતનનો મુદ્દો, સાંસદોનું વિધાનસભા ચૂંટણીમાં ઉતરવું અને વડાપ્રધાન મોદીની 'ગેરંટી' સહિત કેટલાંય કારણ ગણાવી શકાય છે. પરંતુ કોંગ્રેસની હારનું માત્ર એક જ કારણ દેખાય છે કે પ્રદેશમાં પાર્ટીનું નેતૃત્વ વૃદ્ઘ, નિસ્તેજ અને અડિયલ રહ્યું. યુવા નેતાઓને ચૂંટણી અભિયાનમાં સામેલ ન કરવામાં આવ્યા. થાકેલા-હારેલા વૃદ્ઘ નેતાઓએ કોંગ્રેસની લગામ ન છોડી. ઉમેદવારોની જાહેરાતથી માંડીને ચૂંટણી પ્રક્રિયા અને પ્રચાર રણનીતિ સુધી એવા નેતાઓના હાથમાં રહી, જેમને હવે સક્રિય રાજનીતિથી રિટાયર થઈ જવું જોઈતું હતું.

કમલનાથ અને દિગ્વિજય સિંહ જેવા જૂના નેતા મધ્ય પ્રદેશમાં કોઈ ચમત્કાર કરી શકશે એ વિચારવું કોંગ્રેસના કેન્દ્રીય નેતૃત્વની મોટી ભૂલ હતી. કોંગ્રેસે ૨૦૧૮માં આ વિચાર બદલી નાખ્યો હોત તો આજે જ્યોતિરાદિત્ય સિંધિયા જેવા યુવા નેતૃત્વ તેમનાથી દૂર ન જાત. જે ભાજપને પાછલી વિધાનસભા ચૂંટણીમાં જનતા અસ્વીકાર કરી ચૂકી હતી, તે ફરીથી સત્તામાં ન આવતી. તેમ છતાં કેન્દ્રીય નેતૃત્વએ કોઈ બોધપાઠ ન લીધો અને કમલનાથ તથા દિગ્વિજય સિંહના હાથમાં તમામ દારોમદાર સોંપીને જીતના દાવા કરવા લાગ્યા. આખા ચૂંટણી અભિયાનમાં બંને નેતાઓ વચ્ચે સામંજસ્યનો પણ સ્પષ્ટ અભાવ જોવા મળ્યો. ત્યાં સુધી કે જાહેર મંચ પર પણ બંને વચ્ચે ખેંચતાણ થઈ. તેનું પરિણામ એ થયું કે મતદારોએ તેમને નકારી દીધા.

કોંગ્રેસ અને ભાજપની ચૂંટણી રણનીતિમાં મૂળ અંતર ચૂંટણી લડવાનું છે. ભાજપ જ્યાં ઉમેદવારોની જાહેરાથી મતદાન સુધી તેમની સાથે ઊભી રહે છે, કોંગ્રેસ ટિકિટ આપીને તેમને એકલા છોડી દે છે. આ દર વખતે જોવા મળ્યું અને આ વખતે પણ તેમાં કોઈ સુધાર ન જોવા મળ્યો. ઉમેદવારોની જાહેરાત બાદ પાર્ટીના સંગઠને ચૂંટણી લડવામાં ક્યાંય તેમનો સાથ ન આપ્યો. પરિણામ એ થયું કે કોંગ્રેસની જીત લગભગ નક્કી મનાતી હતી ત્યાં જ તેનાં વહાણ ડૂબી ગયાં. આ સીધેસીધી કોંગ્રેસ સંગઠનની જ ખામી માનવામાં આવશે કે તેઓ પાર્ટીને એકજુટ ન કરી શક્યા. પ્રદેશમાં કોંગ્રેસના બે જ નેતા છે દિગ્વિજય સિંહ અને કમલનાથ. પરંતુ આ બંનેની રણનીતિ અને તમામ ચૂંટણી તૈયારી ભાજપ સામે ફેલ થઈ ગઈ. તેનું એક મોટું કારણ એ પણ છે કે બંનેની ઉંમર હવે ચૂંટણી રાજનીતિ કરવાની નથી. પરંતુ બંને આ સત્ય સ્વીકારવા તૈયાર નથી. તેમની આ જિદને કારણે પ્રદેશના યુવા નેતૃત્વ ઊભરી ન શક્યું. આ ચૂંટણીમાં એવા કેટલાય યુવા નેતા હારી ગયા, જેમની જીતથી નવી સંભાવનાઓની આશા હતી. પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ જીતુ પટવારીની રાજકીય વાક્પટુતાના બધા જ પ્રશંસક છે. પરંતુ આ વખતે તેઓ પોતાના કૌશલને જીતમાં ન બદલી શક્યા. પ્રદેશ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અરુણ યાદવ હવે યુવા નથી રહ્યા. આ જ સ્થિતિ અર્જુન સિંહના પુત્ર રાહુલ સિંહની પણ છે. દિગ્વિજય સિંહના પુત્ર જયવર્ધન સિંહને પાર્ટીમાં સૌથી વધુ સંભાવનાશીલ નેતા માનવામાં આવે છે. તેઓ પાછલી ચૂંટણી મોટા અંતરથી જીત્યા હતા, પરંતુ આ વખતે તેમને જીતવામાં પણ મુશ્કેલી પડી. લોકસભા ચૂંટણીની નજદિકી જોતાં હવે કોંગ્રેસ પાસે નું નેતૃત્વ ઊભું કરવાનો સમય નથી બચ્યો. સંભાવનાશીલ આદિવાસી યુવાઓમાં ઉમંગ સિંગાર અને હની બઘેલને પણ કિનારે ન કરી શકાય. આ બંને નેતાઓએ સતત જીત નોંધાવીને સાબિત કર્યું કે તેમનામાં દમ છે. હાલમાં કોંગ્રેસના ખાતામાં લોકસભાની ૨૯ સીટોમાંથી માત્ર એક સીટ છે. કેન્દ્રીય નેતૃત્વ પણ અસહાય છે, કે તે કશું કરી નથી શકતું. વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સામે કોંગ્રેસની જે ગત થઈ, તેમાં બહુ વધુ સુધારની આશા ન રાખી શકાય.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે પોતાના સ્વાર્થ માટે કામ કરે છે તેને જગતમાં કે સમાજમાં ક્યાંય આદર મળતો નથી.

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા વદ-૩૦ સર્વપીત્રી અમાસ, ચૈદશ-પૂનમ-અમાસનું શ્રાધ્ધ, મહાલય સમાપ્ત તા.૧૪ ઓક્ટોબર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૨૮, હસ્ત નક્ષત્ર, ઐન્દ્ર યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૬:૪૮, સૂ.અ.૬:૨૬
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), પરોઢે ૫:૨૧ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મોઢે આવેલો કોળીયો છીનવાઈ જાય. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું હિતાવહ.
વૃષભ:સંપત્તિને લગતા કાર્યો સફળ થાય. આરોગ્ય અંગે સંભાળવું.
મિથુન:માનસિક ચિંતા અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
કર્ક: નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પ્રવાસમાં વિઘ્ન આવે.
સિંહ: પ્રવાસથી લાભ થાય. પરિશ્રમનું શુભ ફળ મળે.
કન્યા: કૌટુંબિક ચિંતા વિશેષ રહે. ગૃહવિવાદના ભોગ બનવું પડે.
તુલા: સમસ્યાનો ઉકેલ મળે. ઉન્નતિની આશા ફળદાયી નીવડે.
વૃશ્ચિક:ગુપ્ત ચિંતા સતાવે. મનમાં મૂંઝવણ રહે.
ધન: ધાર્યા કાર્યોમાં વિલંબ થાય. આર્થિક લેવડ-દેવડમાં સાવચેત રહેવું.
મકર: ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભ: કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ બર આવે.
મીન: કૌટુંબિક ક્ષેત્રે પ્રતિકૂળતા રહે. હિતશત્રુઓથી સાવધ રહેવું.

# ભારતમાં ૪૭,૦૦૦થી વધુ બાળકો ગુમ છે, જેમાંથી ૭૧% સગીર યુવતીઓ છે : NCRB ડેટા

## ૨૦૧૮થી ગુમ થયેલા બાળકોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે, પોલીસ અને કાર્યકરોનું કહેવું છે કે આવા કેસની તપાસ માટે પહેલા ૨૪ કલાક મહત્ત્વના હોય છે

નવી દિલ્હી, તા.૧૮

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ના નવા ડેટા અનુસાર, ભારતમાં ૪૭,૦૦૦થી વધુ બાળકો ગુમ છે, જેમાંથી ૭૧.૪ ટકા સગીર છોકરીઓ છે. ૫ વર્ષ માટેના NCRB ડેટા મોટે ભાગે ગુમ થયેલા બાળકોના આંકડામાં વધારો દર્શાવે છે-૨૦૨૧ કરતાં ૨૦૨૨માં ૭.૫ ટકાનો વધારો, ૨૦૨૦ કરતાં ૨૦૨૧માં ૩૦.૮ ટકાનો નોંધપાત્ર વધારો, ૨૦૨૦માં ૩૦.૮ ટકાનો નોંધપાત્ર વધારો ૨૦૧૯માં ૨૦૧૮ની સરખામણીમાં ૧૯.૮ ટકા અને પછી ૨૦૧૯માં ૮.૯ ટકાનો વધારો થયો હતો અને ૨૦૧૭ની સરખામણીમાં ૨૦૧૮માં ૫.૬ ટકાનો વધારો થયો હતો. રાજયના અધિકારીઓએ ઘણા ગુમ થયેલા બાળકોની શોધ પણ કરી છે, પરંતુ આંકડાઓમાંનું અંતર હજુ પણ ઓછું થયું નથી. ૨૦૨૨ માટે NCRBનો વાર્ષિક રિપોર્ટ 'ક્રાઈમ ઈન ઈન્ડિયા' ૩ ડિસેમ્બરે બહાર પાડવામાં આવ્યો હતો. આ ડેટા દર્શાવે છે કે ગયા વર્ષે ૮૩,૩૫૦ બાળકો (૨૦,૩૮૦ પુરૂષો, ૬૨,૯૪૬ સ્ત્રીઓ અને ૨૪ ટ્રાન્સજેન્ડર) ગુમ થયા હતા. વધુમાં કુલ ૮૦,૫૬૧ બાળકો (૨૦,૨૫૪ પુરૂષ, ૬૦,૨૮૧ સ્ત્રી અને ૨૬ ટ્રાન્સજેન્ડર)ની શોધ અથવા ટ્રેસ કરવામાં આવ્યા હતા. ગુમ થયેલા બાળકો માટેની પ્રમાણભૂત પ્રક્રિયા મુજબ ગુમ થયેલ સગીર વિશે માહિતી મળવા ઉપર પોલીસ પ્રારંભિક તપાસ અને ચકાસણી પછી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩ (અપહરણ) હેઠળ એફઆઈઆર નોંધે છે. ૨૦૨૨નો ડેટા એ પણ દર્શાવે છે કે ૨૦૨૨ દરમ્યાન ૭૬,૦૬૯ બાળ અપહરણ નોંધાયા હતા, જેમાંથી ૬૨,૦૯૯ સ્ત્રીઓ હતી. ગયા વર્ષના ડેટા મુજબ ૫૧,૧૦૦ સગીરોને 'અપહરણ અને અપહરણના પુર્નઃ પ્રાપ્ત પીડિતો' શ્રેણી હેઠળ સૂચિબદ્ધ કરવામાં આવી છે, જેમાંથી ૪૦,૨૧૯ અથવા ૭૮.૭ ટકા સગીર છોકરીઓ છે. અપહરણની કલમો હેઠળ નોંધાયેલા ગુમ થયેલા બાળકોના કેસો માટે, NCRB ડેટાને "ગુમ થયેલ બાળકો અપહરણ" શ્રેણી હેઠળ મૂકે છે. આવી ફરિયાદ મળ્યા પછી તરત જ અપહરણની કલમો હેઠળ દાખલ કરવામાં આવેલી એફઆઈઆર કરતાં આ અલગ હોય છે. ૨૦૨૨માં ૩૩,૬૫૦ ગુમ થયેલા બાળકોનું અપહરણ ગણવામાં આવ્યું હતું. ૨૦૨૧માં આ શ્રેણી હેઠળનો આંકડો ૨૯,૩૬૪ હતો, ૨૦૨૦માં તે ૨૨,૨૨૨ હતો, ૨૦૧૯માં તે ૨૯,૨૪૩ હતો ; અને ૨૦૧૮માં તે ૨૪,૪૨૯ હતો. દિલ્હીના પૂર્વ પોલીસ કમિશનર એસ.એન. શ્રીવાસ્તવે ૧૪ વર્ષથી ઓછી ઉંમરના ૫૦ કે તેથી વધુ ગુમ થયેલા બાળકોને શોધી કાઢતા પોલીસ કર્મચારીઓ માટે પ્રમોશન સહિત વધારાના પ્રોત્સાહનોની જાહેરાત કરી હતી, તેમણે કહ્યું કે ગુમ થયેલા બાળકોની સમસ્યા ઉપર વધુ ધ્યાન આપવાની જરૂર છે. આ બાળકો શેરીઓમાં ગુનેગારોથી પ્રભાવિત થઈ શકે છે અને તેમની સાંઠગાંઠનો ભાગ બની શકે છે. અન્ય કિસ્સાઓમાં, તેઓ વેશ્યાવૃત્તિ અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં વેચવામાં આવે છે અથવા ફરજ પાડવામાં આવે છે. ગુમ થયેલા બાળકોની શોધ અગ્રતાના ધોરણે થવી જોઈએ અને જો આવા કેસોમાં કામ કરતા પોલીસ કર્મચારીઓને તેમના કામ માટે લાભો અને અન્ય પ્રોત્સાહનો આપવાનું વચન આપવામાં આવે તો તેમાં મદદ કરી શકે છે. બાળ તસ્કરી, બાળ લગ્ન અને સગીરોના જાતીય શોષણ માટે કામ કરતી એનજીઓ શક્તિ વાહિની સાથે કામ કરતા સામાજિક કાર્યકર ઋષિ કાંતે, ગુમ થયેલા બાળકોના આંકડાઓને "અસક્ષમ" ગણાવ્યા અને પ્રથમ ૨૪ કલાકમાં કરવામાં આવતી "ઓછી તપાસ" અંગે પ્રકાશ પાડ્યો હતો, તે કહે છે કે આવા કેસોની સંખ્યા ઘણી વધારે છે. કાન્તે કહ્યું કે, એ સમજવું અગત્યનું છે કે ગુમ થયેલા બાળકને શોધવામાં પ્રથમ ૨૪ કલાક મદદ કરી શકે છે. ૨૪ કલાક પછી બાળક સ્વસ્થ માનસિક અને શારીરિક સ્થિતિમાં જોવા મળે તેવી શક્યતા ઓછી છે. તેમણે કહ્યું કે, આ મામલાઓને સંભાળતા પોલીસ અધિકારીઓએ એ જાણવું પડશે કે બાળક કોની સાથે ગયું છે, બાળક પડોશમાં કોઈની સાથે વાત કરી રહ્યું છે કે કેમ, કોઈ નવો વ્યક્તિ બાળક સાથે મિત્રતા કરવાનો પ્રયાસ કરી રહ્યો છે કે કેમ, ગુમ થયેલી સગીર છોકરીઓની સંખ્યા હંમેશા સગીર છોકરાઓ કરતા વધુ હોય છે. આ સગીર છોકરીઓને ઘણીવાર વેશ્યાવૃત્તિમાં ધકેલી દેવામાં આવે છે અને પછી મસાજ પાર્લરોનું નવું રેકેટ ખુલે છે. કાન્તે કહ્યું કે, બીજા એવા રેકેટ છે જેમાં આ બાળકો ફસાયા છે જેમાં ભીખ માંગવી, બાળ મજૂરી વગેરે છે. જો પોલીસ શરૂઆતથી જ તસ્કરી સહિતના તમામ એંગલ અને હેતુઓની તપાસ કરવાનું શરૂ કરે, તો તપાસ ઝડપી બને છે અને બાળકને શોધવાની શક્યતા વધી જાય છે. જો કે, ડેટા સગીરોની તસ્કરીનું અંધકારમય ચિત્ર રજૂ કરે છે. એનસીઆરબી અનુસાર ૨૦૨૨માં આવા માત્ર ૪૨૪ કેસ નોંધાયા હતા. વધુમાં, માત્ર ૧૧, જેમાંથી ૧૦ છોકરીઓ હતી, સમગ્ર ભારતમાં વેશ્યાવૃત્તિમાં વેચવામાં આવી હોવાનું નોંધાયું હતું. NCRBના આ પાંચ વર્ષના ડેટા કહે છે કે પશ્ચિમ બંગાળ અને મધ્ય પ્રદેશ સૌથી વધુ ગુમ થયેલા બાળકો સાથે ચાર્ટમાં ટોચ ઉપર છે. ગુમ થયેલી છોકરીઓની સંખ્યા એ ગુમ થયેલા છોકરાઓ કરતા ઘણી વધારે છે. ૨૦૨૨ના ડેટા દર્શાવે છે કે પશ્ચિમ બંગાળમાં ગુમ થયેલા બાળકોની સૌથી વધુ સંખ્યા ૧૨,૪૫૫ (૧,૮૮૪ છોકરાઓ અને ૧૦,૫૭૧ છોકરીઓ) છે, ત્યારબાદ મધ્ય પ્રદેશમાં ૧૧,૩૫૨ બાળકો (૨,૨૮૬ છોકરાઓ અને ૯,૦૬૬ છોકરીઓ) છે. ૨૦૨૧માં, મધ્ય પ્રદેશમાં ૧૧,૬૦૭ બાળકો (૨,૨૦૦ છોકરાઓ અને ૯,૪૦૭ છોકરીઓ) ગુમ થયાની જાણ થઈ, ત્યારબાદ પશ્ચિમ બંગાળ ૯,૯૯૬ બાળકો (૧,૫૧૮ છોકરાઓ અને ૮,૪૭૮ છોકરીઓ) ગુમ થયા હતા. ૨૦૨૦માં, મધ્ય પ્રદેશ ૭,૨૩૦ છોકરીઓ સહિત ૮,૭૫૧ ગુમ થયેલા બાળકો સાથે યાદીમાં ટોચ પર છે. ૭,૬૪૮ ગુમ થયેલા બાળકો (૧,૦૦૮ છોકરાઓ અને ૬,૬૪૦ છોકરીઓ) સાથે પશ્ચિમ બંગાળ બીજા સ્થાને હતું. મધ્યપ્રદેશ ૨૦૧૯માં ફરીથી ટોચ પર છે, જ્યાં ૮,૫૭૨ છોકરીઓ સહિત ૧૧,૦૨૨ બાળકો ગુમ થયા હતા. ૨૦૧૮માં, મધ્યપ્રદેશ ૭,૫૭૪ છોકરીઓ સહિત ૧૦,૦૩૮ બાળકો સાથે યાદીમાં ટોચ પર છે. ૨૦૨૨ના ડેટા અનુસાર સૌથી વધુ ગુમ થયેલા બાળકોની સંખ્યા પશ્ચિમ બંગાળમાં ૧૨,૫૪૬ હતી. જો કે, રાજ્યમાં હજુ પણ શોધી ન શકાયા હોય તેવા બાળકોની સંખ્યા સૌથી વધુ ૬,૯૯૪ છે. મધ્યપ્રદેશ બીજા ક્રમે છે, જ્યાં ૧૧,૧૬૧ બાળકો મળી આવ્યા છે અને ૩,૯૨૬ બાળકો ગુમ છે. ગુમ થયેલા બાળકોની સંખ્યાના સંદર્ભમાં બિહાર ૬,૭૮૧ બાળકો સાથે પશ્ચિમ બંગાળથી પાછળ છે, જ્યારે ૬,૦૪૦ બાળકો સાથે દિલ્હી બીજા ક્રમે છે. ૨૦૨૨ના NCRB રિપોર્ટ અનુસાર, ભારતમાં ૩૩,૭૯૮ છોકરીઓ સહિત ૪૭,૩૧૩ બાળકો હજુ પણ ગુમ છે, જે ગુમ થયેલા બાળકોની કુલ સંખ્યાના ૭૧.૪ ટકા છે. આ આંકડામાં પાછલા વર્ષોના આંકડા પણ સામેલ છે.




# RTEની પ્રવેશ કાર્યવાહીને લઈ સ્કૂલોને વિગતો તૈયાર રાખવા આદેશ

- નવા શૈક્ષણિક વર્ષ માટેની પ્રવેશ કાર્યવાહી પણ ઓનલાઈન હાથ ધરાશે
- સ્કૂલોની બેઠકો, લોકેશન તથા ફી સહિતની વિગતોની ચકાસણી કરવામાં આવશે




અમદાવાદ, તા.૧૮

જૂન-૨૦૨૪થી શરૂ થતાં નવા શૈક્ષણિક વર્ષમાં RTEના પ્રવેશને લઈને શિક્ષણ વિભાગ દ્વારા કાર્યવાહીના ભાગરૂપે સ્કૂલોને માહિતી તૈયાર રાખવા આદેશ કર્યો છે. નવા શૈક્ષણિક વર્ષ માટેની પ્રવેશ કાર્યવાહી પણ ઓનલાઈન જ હાથ ધરવામાં આવશે. જેના માટે સ્કૂલોને લોકેશન, બેઠકોની સંખ્યા તથા ફી સહિતની વિગતો તૈયાર રાખવા જણાવાયું છે. આ વિગતોની આગામી દિવસોમાં ચકાસણી કર્યા બાદ પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ઉપર લેવાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયના શિક્ષણ વિભાગ દ્વારા નવા શૈક્ષણિક વર્ષ એટલે કે ૨૦૨૪-૨૫ માટે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ધોરણ૧માં પ્રવેશ માટેની કાર્યવાહીને લઈ અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેના લીધે જૂન-૨૦૨૪થી શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા જ ધોરણ-૧માં RTE અંતર્ગત પ્રવેશ માટેની કાર્યવાહી પુર્ણ કરી દેવાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી સત્ર માટેની પ્રવેશ કાર્યવાહી પણ ઓનલાઈન જ હાથ ધરવામાં આવનાર હોવાથી તેને લઈને સ્કૂલોને જરૂરી માહિતી તૈયાર રાખવા માટે સુચના અપાઈ છે. જેથી CRC દ્વારા શાળામાં આવીને માહિતી વેરિફીય કરી શકાશે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા પણ તેમના તાબા હેઠળની તમામ ખાનગી પ્રાથમિક સ્કૂલોના આચાર્યોને પત્ર લખીને માહિતી તૈયાર રાખવા માટે જણાવ્યું છે. પત્રમાં જણાવાયું છે કે, RTE અંતર્ગત નબળા અને વંચિત જૂથના બાળકોને ખાનગી પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં ધોરણ-૧માં વિનામુલ્યે પ્રવેશ આપવાની કાર્યવાહી ઓનલાઈન હાથ ધરવામાં આવનાર છે. જેની કામગીરીના અર્થે સ્કૂલોને માહિતી ભરીને તૈયાર રાખવાની રહેશે. ઉપરાંત જે શાળા લઘુમતી છે તે શાળાઓએ લઘુમતિ પ્રમાણપત્રની નકલ પણ આપવાની રહેશે તેમ જણાવાયું છે. વેરિફીકેશન માટે સ્કૂલોને જે માહિતી તૈયાર રાખવા માટે સુચના અપાઈ છે, તેમાં સ્કૂલના નામ સહિતની વિગત ઉપરાંત સ્કૂલ કયા બોર્ડ સાથે સંકળાયેલી છે, સ્કૂલનુ અક્ષાંશ અને રેખાંશ અનુસાર લોકેશન, માધ્યમ, RTEની કેટલી બેઠકો છે અને RTE સિવાયની કેટલી બેઠકો છે. ફી કમિટી દ્વારા શાળાની કેટલી ફી નક્કી કરવામાં આવેલી છે. હાલમાં સ્કૂલમાં RTE અંતર્ગત કેટલા બાળકો અભ્યાસ કરે છે. આ ઉપરાંત સ્કૂલમાં પ્રિ-પ્રાયમરી ચાલતી હોય તો તેની પણ વિગતો મંગાવવામાં આવી છે.

# ૨૦૨૪ની ચૂંટણી માટેની તૈયારી : ભાજપે તેના મુખ્યમંત્રીઓની પસંદગીથી સૌને આશ્ચર્યમાં મૂક્યા છે, શું કોંગ્રેસ તેની જૂની રીતો અને ચહેરાઓ બદલી શકશે ?

નવી દિલ્હી તા.૧૮

મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં વિધાનસભા ચૂંટણીની હાર માટે આત્મનિરીક્ષણ સત્રો યોજ્યા પછી પણ કોંગ્રેસ સંગઠનાત્મક રીતે આગળ વધશે તે અંગે અનિર્ણિત છે. ભાજપે ઝડપથી નેતૃત્વના નવા સમૂહનું અનાવરણ કર્યુ છે, જે પ્રમાણમાં યુવાન છે, પરંતુ બિનઅનુભવી નથી. ભાજપના સર્વશક્તિમાન કેન્દ્રીય નેતૃત્વના આ પગલાએ પરંપરાગત રાજકીય નિરીક્ષકોને આશ્ચર્ય અને સ્તબ્ધ કર્યા છે. રસપ્રદ વાત એ છે કે, આનાથી કોંગ્રેસમાં પણ ઘણા લોકો આશ્ચર્ય પામી રહ્યા છે કે, શું પાર્ટીએ આ રાજ્યોમાં જીત મેળવી હોત તો પણ આવું જ કર્યુ હોત. શું તે અશોક ગેહલોત કે કમલનાથને હટાવીને નવા નેતાને સુકાન ઉપર બેસાડશે ? શું તેણે છત્તીસગઢમાં ભૂપેશ બઘેલ અને ટી.એસ. સિંહ દેવથી આગળ વિચાર્યુ હશે ? આ ત્રણ રાજ્યો સિવાય, જો પાર્ટી આવતા વર્ષે રાજ્યમાં સત્તા ઉપર આવશે તો શું કોંગ્રેસ હરિયાણામાં પીઢ જાટ નેતા ભૂપિન્દરસિંહ હુડ્ડાને નજરઅંદાજ કરીને નવા ચહેરાને પસંદ કરશે ? શું તેઓ ઉત્તરાખંડમાં પણ આવું જ કરશે જ્યાં હરીશ રાવત હજુ પણ નોંધપાત્ર પ્રભાવ ધરાવે છે ? કર્ણાટકમાં પાર્ટીની પસંદગી સિદ્ધારમૈયા અને ડી.કે. શિવકુમાર વચ્ચે હતી. હિમાચલપ્રદેશની વાત કરીએ તો કોંગ્રેસે એક નવા ચહેરા સુખવિન્દર સુખુને તક આપી છે. પરંતુ વીરભદ્રસિંહ પ્રથમ વખત ૧૯૮૩માં સીએમ બન્યા હતા અને ૧૯૮૫, ૧૯૯૩, ૨૦૦૪ અને ૨૦૧૨માં ફરીથી પદ ઉપર કબજો જમાવ્યો હતો. એ જ રીતે તરૂણ ગોગોઈ ૨૦૦૧થી ૨૦૧૬ સુધી આસામના મુખ્યમંત્રી હતા. તેમાં અપવાદ કદાચ પંજાબ હતો જ્યાં પાર્ટીએ પીઢ નેતા અમરિંદરસિંહને મુખ્યમંત્રી પદેથી હટાવીને ચરણજીતસિંહ ચન્નીને બેસાડ્યા. જો કે, પાર્ટીએ જે રીતે આ સંક્રમણને અમલમાં મૂક્યું તેના પરિણામે આગામી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની હાર થઈ હતી. થોડા વર્ષો પહેલા સુધી ભાજપમાં પણ આવી જ સ્થિતિ હતી. શિવરાજસિંહ ચૌહાણ ૨૦૦૫થી મધ્યપ્રદેશના સીએમ હતા. રમણસિંહ પણ ત્રણ વખત સીએમ હતા જ્યારે વસુંધરા રાજે બે ટર્મ માટે ટોચનું પદ સંભાળ્યું હતું. નરેન્દ્ર મોદીએ પોતે ૨૦૦૧થી ૨૦૧૪ સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે હતા. ૨૦૧૪થી શરૂ કરીને મોદીની આગેવાની હેઠળના બીજેપીના નેતૃત્વએ ઘણા રાજ્યોમાં નવા ચહેરા મૂક્યા છે. પાર્ટીએ પ્રેમકુમાર ધૂમલની અવગણના કરીને હિમાચલપ્રદેશમાં જયરામ ઠાકુરને મુખ્યમંત્રી બનાવ્યા. ગોવામાં લક્ષ્મીકાંત પારસેકર, ઉત્તરપ્રદેશમાં યોગી આદિત્યનાથ, ઝારખંડમાં રઘુબર દાસ સીએમ માટે અન્ય 'આશ્ચર્યજનક' પસંદગીઓ છે. કોંગ્રેસનો એક મોટો વર્ગ એવી દલીલ કરે છે કે, ભાજપ ઝસ સાથે પ્રયોગ કરી શકે છે, કારણ કે, તેમની લોકપ્રિયતાના કારણે મોદીનો પક્ષ ઉપર અભૂતપૂર્વ પ્રભાવ છે. તેઓ એવી દલીલ કરે છે કે, કોંગ્રેસે પણ તેના પરાકાષ્ઠાના દિવસોમાં સીએમ અંગે આવો પ્રયોગ કર્યો હતો. ભાજપે પ્રયોગ કરવાની તૈયારી દર્શાવી છે. તેઓએ નવા નેતાઓને જવાબદારીઓ આપી છે. ગોવામાં પારસેકર, ઝારખંડમાં દાસ, ઉત્તરાખંડમાં ત્રિવેન્દ્ર અને તીરથ જેવા કેટલાક નિષ્ફળ રહ્યા છે પરંતુ ઘણા સારા નેતાઓ તરીકે ઉભરી આવ્યા છે. પરંતુ ઓછામાં ઓછું બીજેપીનું નેતૃત્વ નવા નેતાઓમાં વિશ્વાસ બતાવી રહ્યું છે, પાર્ટીને સંદેશો મોકલી રહ્યું છે કે, દરેક વ્યક્તિ મોટા હોદ્દા માટે ઈચ્છા રાખી શકે છે. કોંગ્રેસના અન્ય નેતાએ કહ્યું કે, આ તમામ રાજ્યોમાં આપણી પાસે એક નવું નેતૃત્વ હોવું જોઈએ હાલના નેતાઓ કે દિગ્ગજોને નારાજ કરવા સાથે તેને કોઈ લેવા-દેવા નથી. પાર્ટી મહારાષ્ટ્ર સહિત ઘણા રાજ્યોમાં પૂર્ણ સમયના પ્રભારીઓ વિના કામ કરી રહી છે. બીજી તરફ પાર્ટીના દિગ્ગજો દલીલ કરે છે કે, રાહુલ ગાંધી દ્વારા પસંદ કરાયેલા અને અનેક રાજ્ય એકમોના પ્રમુખ તરીકે નિયુક્ત કરાયેલા નવા ચહેરાઓ પક્ષ માટે ઈચ્છિત પરિણામ આપી શક્યા નથી.

# ભારતના મોસ્ટ વોન્ટેડ મોટાભાગે શા માટે પહોંચની બહાર હોય છે




નવી દિલ્હી, તા.૧૮

કેનેડા સ્થિત ગેંગસ્ટર અર્શદીપસિંહ ઉર્ફે અરશદલ્લા, જેણે જાન્યુઆરીમાં ઉત્તર પશ્ચિમ દિલ્હીમાં એક વ્યક્તિની હત્યા કરી હતી અને યુકે સ્થિત કપિલ સાંગવાન, જેમણે દિલ્હી ભાજપના કાર્યકર્તા સુરેન્દ્ર મતિયાલાને એપ્રિલમાં માર્યો હતો, તે દિલ્હી પોલીસ અને અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓના રડાર ઉપર મોસ્ટ વોન્ટેડની યાદીમાં સામેલ છે. રસપ્રદ વાત એ છે કે, મોટાભાગના આ લિસ્ટેડ ગેંગસ્ટરો વિદેશથી કામ કરી રહ્યા છે. આ ગુનેગારો ૨૦૨૪માં પોલીસ માટે માથાનો દુખાવો બની શકે છે કારણ કે તેમની મુંબઈની અંડરવર્લ્ડ જેવી મોડસ ઓપરેન્ડી છે જેમાં તેઓ વિદેશી દેશોમાં રહેતા હોય ત્યારે અહીના ગુનેગારો દ્વારા હત્યાનું આયોજન કરે છે. મતિયાલાની હત્યા બાદ સાંગવાન યાદીમાં બીજા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે ખાલિસ્તાન ટાઈગર ફોર્સના વડા અને માર્યા ગયેલા આતંકવાદી હરદીપસિંહ નિજ્જરના નજીકના સહયોગી ડલ્લા ઉત્તર પશ્ચિમ દિલ્હીમાં એક વ્યક્તિની ઘાતકી હત્યામાં સામેલ હતા. ડિસેમ્બરજાન્યુઆરીમાં, તેણે દિલ્હીમાં એક હિંદુ વ્યક્તિને શોધવા અને તેની હત્યા કરવા માટે બે હિટમેન રાખ્યા હતા. હત્યારાઓ નૌશાદ અને જગ્ગા બંનેએ આ કૃત્ય રેકોર્ડ કર્યું અને એક ચેટ એપ ઉપર ડલ્લાને વીડિયો મોકલ્યો હતો. જાન્યુઆરીમાં, ડલ્લાને કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો. હિમાંશુભાઈ, જે પોર્ટુગલમાં હોવાનું જાણવા મળ્યું છે, તે પણ પોલીસ માટે એક પડકાર બની ગયો છે કારણ કે તે ત્યાંથી ખંડણીનું રેકેટ ચલાવે છે. ૨૧-૨૨ વર્ષની વયનો આ ગુનેગાર લગભગ બે ડઝન જેટલા જઘન્ય કેસોમાં વોન્ટેડ છે. તાજેતરમાં રાજસ્થાનમાં કરણીસેનાના વડા સુખદેવ ગોગામેડીની હત્યા બાદ રોહિત ગોદારા પણ આ યાદીમાં છે. થોડા સમય પહેલા નકલી પાસપોર્ટ ઉપર પોર્ટુગલ અને અઝરબૈજાન વચ્ચે મુસાફરી કરતા, ગોદારા છેલ્લે યુએસ અને કેનેડામાં અનધિકૃત પ્રવેશ માટે ગેરકાયદેસર ઈમિગ્રેશન પદ્ધતિનો ઉપયોગ કરે છે. લોરેન્સ બિશ્નોઈનો સૌથી નજીકનો સાથી ગોલ્ડી બ્રાર વિવિધ રાજ્યોમાં પોલીસ માટે વોન્ટેડ છે. સિદ્ધુ મૂસેવાલાની હત્યા બાદ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી તેનો પીછો કરી રહી છે. દિલ્હીમાં કેટલાય બિઝનેસમેન, બિલ્ડરો અને બુકીઓએ તેની પાસેથી ખંડણીની માગણી કરી છે. શરૂઆતમાં કેનેડામાં, તેના હરીફોએ ત્યાં તેમનો આધાર મજબૂત કર્યા પછી તે કથિત રીતે યુએસ ભાગી ગયો હતો. ગેંગસ્ટરમાંથી આતંકવાદી બનેલો લખબીરસિંહ ઉર્ફે લંડાહરીકે મોહાલીમાં RPG હુમલાના કેસમાં અને શિવસેનાના એક નેતાની હત્યા ઉપરાંત દિલ્હી અને પંજાબમાં ઉદ્યોગપતિઓને અનેક કોલમાં તેનું નામ સામે આવ્યું ત્યારથી તે દિલ્હી પોલીસની નજરમાં છે. ઉત્તરપૂર્વ દિલ્હીનો ગેંગસ્ટર રશીદ કેબલવાલા દુબઈથી પોલીસ ઉપર નિશાન તાકી રહ્યો છે. સઉદી અરેબિયામાંથી દેશનિકાલ થયા બાદ કેબલવાલાની છેલ્લે ૨૦૧૮માં ધરપકડ કરવામાં આવી હતી પરંતુ તે પેરોલમાં બહાર આવ્યા બાદ ભૂગર્ભમાં છે. ''મોસ્ટ વોન્ટેડ''ની યાદીમાં નવીનતમ નામ ગેંગસ્ટર દીપક પાકસ્મા અને ડેનિશ છે. કોપ્સને શંકા છે કે તે ગોગી ગેંગમાંથી તાજપુરિયાના હત્યારાઓ ઉપર હુમલો કરવા માટે ભંડોળ એકત્ર કરી રહ્યો છે અને ફરીથી જૂથ બનાવી રહ્યો છે, જેનું નેતૃત્વ હવે જેલમાં બંધ ગેંગસ્ટર દીપક બોક્સર કરી રહ્યો છે. બીજી તરફ દાનિશ હાલમાં ઉત્તરપૂર્વ દિલ્હીના જેલમાં બંધ નાસિરની આગેવાની હેઠળની ગેંગની કામગીરી સંભાળી રહ્યો છે. તે કથિત રીતે ઉત્તર પ્રદેશમાં કોઈ જગ્યાએ છુપાયેલો છે અને કેટલીક હત્યાનું કાવતરૂ ઘડી રહ્યો છે. ગયા વર્ષની યાદીમાં, દીપક બોક્સર, ૨૦૨૨માં યાદીમાં ટોચ ઉપર હતો, દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી છે. તેને મેક્સિકોથી ભારત પરત લાવવામાં આવ્યો હતો. આ યાદીમાં બીજા નંબરે વિજય પહેલવાનની ક્રાઈમ બ્રાન્ચે તાજેતરમાં ધરપકડ કરી હતી.

# BRC-CRC કો-ઓર્ડિનેટર માટે ૮ હજારથી વધુનું રજિસ્ટ્રેશન

## BRCની ૩૧ અને CRCની ૯૨૩ જગ્યા માટે ૮,૧૨૯ ઉમેદવારો નોંધાયા

અમદાવાદ, તા.૧૮

રાજયની શાળાઓનું મોનિટરિંગ કરતા મ્ઈઝઝઈઝ કો-ઓર્ડિનેટરની ખાલી પડેલી ૯૫૪ જગ્યા ભરવા માટે રજિસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ થયા બાદ કુલ ૮,૧૨૦ શિક્ષકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જેથી હવે ડિસેમ્બરના અંતમાં ભરતી માટેની પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓની શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટે સતત મોનિટરિંગ કરતાં CRC-BRC કો-ઓર્ડિનેટરની ખાલી પડેલી ૯૫૪ જગ્યા ભરવા માટે સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર ૧ ડિસેમ્બરથી ૧૦ ડિસેમ્બર સુધી રજિસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે રજિસ્ટ્રેશન કરવાની મુદત પૂર્ણ થયા બાદ પણ હજુ અમુક ઉમેદવારો રજિસ્ટ્રેશન કરવાના બાકી રહી ગયા હોવાનું જણાતા ઉમેદવારી નોંધાવવા માટેની મુદત ૩ દિવસ લંબાવવામાં આવી હતી. રાજયમાં આવેલા તમામ જિલ્લાના બ્લોક કક્ષાએ બ્લોક રિસોર્સ સેન્ટર કોઓર્ડિનેટર એટલે કે BRC અને મહાનગરોમાં અર્બન રિસોર્સ સેન્ટર કો-ઓર્ડિનેટર એટલે કે URCની ૨૯૩ જગ્યા સામે ઓગસ્ટની સ્થિતિએ ૨૩૮ જગ્યા ભરાયેલી છે. જ્યારે ૩૧ જગ્યા ખાલી હોવાનું સામે આવ્યું છે. જયારે કલસ્ટર રિસોર્સ સેન્ટર કો-ઓર્ડિનેટર એટલે કે CRCની ૩,૨૪૦ જગ્યા સામે ૯૨૩ જગ્યા ખાલી હોવાનું સામે આવ્યું છે. જેથી આ ખાલી જગ્યા ભરવા માટે આગામી દિવસોમાં પરીક્ષા લેવામાં આવશે અને તેના આધારે BRC-CRC કો-ઓર્ડિનેટરની નિમણૂક કરવામાં આવશે. BRC-CRC કો-ઓર્ડિનેટર બનવા માટે રજિસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ થઈ ત્યાં સુધીમાં ખુબ જ મોટી સંખ્યામાં શિક્ષકોએ નોંધણી કરાવી છે. જેમાં BRCની ખાલી પડેલી ૩૧ જગ્યાઓ માટે રાજયના ૩૦૬૧ જેટલા શિક્ષકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જ્યારે CRCની ખાલી પડેલી ૯૨૩ જગ્યા સામે રાજયના ૫,૦૫૯ જેટલા શિક્ષકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આમ બંને મળી કુલ ૯૫૪ જેટલી ખાલી જગ્યા સામે રાજયના ૮,૧૨૦ જેટલા ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવતા હવે ડિસેમ્બરના અંતમાં પરીક્ષાનું આયોજન કરાશે.

# કોડીનાર પોલીસે ૫૯ લોકો સાથે રૂા.૫ર લાખની છેતરપિંડી કરનાર મહાઠગની ધરપકડ કરી

## કોઈપણ વેચાવ વસ્તુ ચાલાકી થી ખરીદી પૈસા ઓળવી જનાર મહાઠગ જેલ હવાલે



કોડીનાર તા.૧૮

કોડીનાર પોલીસમાં બાઈક વેચાણ લઈ પૈસા ન આપનાર શખ્સ સામે છેતરપિંડી ની ફરીયાદ નોધાતા પોલીસે આરોપીને પકડી પાડતાં પ્રાથમિક તપાસમાં આરોપી એ ૫૯ લોકો સાથે ૫ર લાખ ની છેતરપિંડી કરી હોવાનું મહાઠગ નીકળતા અનેક છેતરપિંડી ના બનાવો ખુલવા પામ્યા છે.

આ અંગે ની વિગત મુજબ કોડીનાર તાલુકાના વડનગર ગામના જયેશભાઈ જેસાભાઈ સોલંકી એ પોતાની બુલેટ વેંચવા **OLX** એપ માં ફોટા સાથે જાહેરાત મૂકતા વેરાવળ ના ડારી ગામના અમરહાજી જીકાણી એ જયેશભાઈ નો સંપર્ક કરી બુલેટની કિંમત રૂા.૪૦૦૦૦ નક્કી કરી જયેશ ભાઈ ને વિશ્વાસ લઈ તેને ૪૦૦૦૦ નો એક્સિસ બેંક કાજલી બ્રાન્ચ નો ચેક આપી બુલેટ લઈ ગયા બાદ જયેશભાઈ એ ચેક બેંક માં નાંખતા ચેક રિટર્ન થતા જયેશભાઈ એ અમર જીકાણી ને વારંવાર ફોન કરતા અમરે ખોટા વાયદાઓ કરી પૈસા કે બાઈક પરત ન કરતા વિશ્વાસઘાત કરતા આ અંગે જયેશભાઈ ના પિતા જેસાભાઈ રામભાઈ સોલંકી એ કોડીનાર પોલીસ માં ફરિયાદ નોધાવતા પોલીસે છેતરપિંડી ની ફરિયાદ નોધી આરોપી અમર હાજી જીકાણી ને પકડી પાડતા કોડીનારના બાહોશ પી.આઇ. આર.એ. ભોજાણી એ પ્રાથમિક પૂછપરછ હાથ ધરતા આ મહાઠગે ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લા ના એક બે નહીં ૫૯ જેટલા લોકો સાથે રૂ.૫ર લાખ ની છેતરપિંડી કરી હોવાની પોપટ ની જેમ કબૂલાત કરતા કોડીનાર પોલીસ ને છેતરપિંડી ની ફરિયાદમાં મહાઠગ હાથ માં આવતા આ અંગે છેતરાયેલા લોકો ને જાણ થતાં તેઓ પણ કોડીનાર પોલીસ સ્ટેશને દોડી આવી પોલીસ ને ઉંડાણ પૂર્વક તપાસ કરી મહાઠગ ની આકરી પૂછપરછ કરી મહાઠગ ના પીડિત લોકોને પૈસા પરત અપાવવા માંગણી કરી હતી.

**વસ્તુ ખરીદી પૈસા ની ચુકવણી જ નહોતો કરતો**

આ કેસ અંગે ગીર સોમનાથ એ.એસ.પી.જીતેન્દ્ર અગ્રવાલે મીડિયાને જણાવ્યા મુજબ આરોપી અમર જીકાણી એ ૫ર જેટલા લોકો સાથે ૫૯ લાખ ની છેતરપિંડી કરી હોવાની કબૂલાત કરી છે,આરોપી વેચાવ વસ્તુઓ બાઈક,પથ્થર,ભેંસ,પાડા બકરા સહિત કોઈપણ વસ્તુઓ વેચવા માંગતા લોકો નો સંપર્ક કરી તેમને અધિકારી તરીકે ની ઓળખ આપી વિશ્વાસમાં લઈ વસ્તુઓ ખરીદી ચેક આપી પૈસા ચૂકવતો ન હોવાનું એ.એસ.પી.અગ્રવાલે જણાવ્યું હતું.

મહાઠગ અમર જીકાણી કોડીનાર પોલીસ ના હાથે ઝડપાઈ જતાં આ અંગેની જાણ જૂનાગઢના વંથલીના માલધારી અર્જુનભાઈ ચાવડા અને અન્ય માલધારીઓ કોડીનાર દોડી આવ્યા હતા આ તકે અર્જુન ભાઈ એ મીડિયા ને જણાવ્યા મુજબ અમર જીકાનીએ તેમને પોલીસ અધિકારીના માણસ તરીકે ઓળખ આપી અર્જુનભાઈને વિશ્વાસમાં લઈ ભેંસોનો સોદો કરી મોટી રકમ રોકડા ન આપી શકીએ તેમ કહી ચેક આપી ભેંસો ભરી ગયા બાદ ચેક બાઉન્સ થતા પૈસા ની ઉઘરાણી કરતા અમરે અર્જુનભાઈને ફોનમાં પૈસા આપવાની ના પાડી ટાંટિયા તોડી નાખવાની ધમકી આપી હોવાનું જણાવ્યું હતું.અર્જુન ભાઈ સહિત અનેક પીડિતો ન્યાયની આશા સાથે કોડીનાર પોલીસ સ્ટેશનમાં દોડી આવી આવ્યા હતા.

# સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકને ઓનલી ઈન્ડિયન દ્વારા શુભેચ્છા



જૂનાગઢ તા. ૧૮

જાગૃત પ્રહરી તરીકેની અસરકારક કામગીરી કરીને લોક હૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કરનાર જૂનાગઢના સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રનો ૪૮ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે સૌરાષ્ટ્ર ભૂમિના તંત્રી અભિજીત ઉપાધ્યાયને ઓનલી ઈન્ડિયને કાર્યાલયની મુલાકાત લઈને શુભેચ્છા પાઠવી હતી.

# બહાઉદીન વિનિયન કોલેજ ખાતે પ્રાકૃતિક ખેતીની પધ્ધતિ દ્વારા વાવેલ રીંગણાના છોડની સ્પર્ધા યોજી મૂલ્યાંકન કરાયું




જૂનાગઢ તા. ૧૮

બહાઉદીન વિનિયન કોલેજ જૂનાગઢ ખાતે તા.૧૬-૧૨-૨૩ ના રોજ પ્રાકૃતિક ખેતીની પધ્ધતિ દ્વારા વાવેલ રીંગણીના છોડની સ્પર્ધાનું મૂલ્યાંકન ગોઠવવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના ડો.એમ.જી. સાવલીયા તથા ડો.પી.ડી. કુમાવત ઉપસ્થિત રહયા હતા. બંને નિર્ણાયકો દ્વારા પ્રાકૃતિક ખેતીના વિવિધ પાસાઓના આધારે રીંગણીના ઉગેલા છોડનું મૂલ્યાંકન કરાયું હતું. આ સ્પર્ધામાં ઉદ્યોગપતિ અને કોલેજના **IQAC**ના મેમ્બર એવા રમેશભાઈ, કિશોરભાઈ પણ ઉપસ્થિત રહયા હતા. સ્પર્ધાનું મૂલ્યાંકન કરી ત્રણ નંબર જાહેર કરવામાં આવ્યા હતા. તેઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તકે કોલેજના આચાર્ય ડો.પી.વી. બારસીયા દ્વારા વિદ્યાર્થીઓને આવા કાર્યક્રમમાં જોડાવા અને ભાગ લેવા માટે પ્રેરીત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંપુર્ણ સંચાલન પંચપ્રકલ્પના કોર્ડીનેટર ચંદ્રકાંતભાઈ વણકર તથા હાર્દિકભાઈ રાજયગુરૂ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની વિશેષ બાબત એ હતી કે આર્ટસ વિદ્યાશાખા સાથે જોડાયેલ વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક ખેતી જેવા નવતર વિષય ઉપર એક આગવો પ્રયોગ કર્યો હતો.

# હીરાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



જૂનાગઢ તા. ૧૮

શ્રી હીરાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢના શિતલ જોષીની આગેવાનીમાં હિરાબાના જન્મદિવસ નિમિત્તે ૧૫ માં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન રેડક્રોસ જૂનાગઢ ખતે કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય અતિથી તરીકે ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, માજી કેબીનેટ મંત્રી જવાહરભાઈ ચાવડા ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત રાષ્ટ્રીય એકતા કોમી એકતા સમિતિ જૂનાગઢના બટુકભાઈ મકવાણા, એડવોકેટ જીસાન હાલેપોત્રા, સિનીયર એડવોકેટ રાજેશભાઈ ઠાકર, અશ્વિન મણીયાર વગેરે ઉપસ્થિત રહયા હતા.

# એસ્સારે ગુજરાત સરકાર સાથે એનર્જી ટ્રાન્ઝિશન, પાવર અને પોર્ટ સેક્ટરમાં કુલ રૂા. ૫૫,૦૦૦ કરોડના ત્રણ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૮

એસ્સારે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ પહેલા કુલ રૂ. ૫૫,૦૦૦ કરોડના રોકાણ માટે ગુજરાત સરકાર સાથે ત્રણ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા.

એસ્સાર રાજ્યમાં એનર્જી ટ્રાન્ઝિશન, પાવર અને પોર્ટ સેક્ટરના ક્ષેત્રમાં વ્યૂહાત્મક રોકાણ કરવાના નવા તબક્કામાં છે. આ પહેલથી ૧૦,૦૦૦થી વધુ નોકરીની તકો ઊભી થશે.

વધુમાં છેલ્લા ચાર દાયકામાં એસ્સારે ગુજરાતમાં એનર્જી, મેટલ્સ અને માઈનિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં રૂ. ૧ લાખ કરોડથી વધુનું રોકાણ કર્યું છે. એસ્સારની ગ્રોથ સ્ટોરીમાં ગુજરાતે નિર્ણાયક ભૂમિકા ભજવી છે. મુખ્ય ઔદ્યોગિક પ્રોજેક્ટ્સમાં કંપનીના રોકાણોએ રાજ્યના ઔદ્યોગિક લેન્ડસ્કેપમાં વધારો કર્યો છે, જે ગુજરાત રાજ્યને રોકાણના પસંદગીના રાજ્ય તરીકે પ્રસ્થાપિત કરતો કેસ સ્ટડી છે.

એમઓયુ પર હસ્તાક્ષર કર્યા અંગે એસ્સાર કેપિટલના ડિરેક્ટર પ્રશાંત રૂઈયાએ જણાવ્યું હતું કે, "એસ્સારના વ્યૂહાત્મક રોકાણોમાં ગુજરાત રાજ્ય સતત મોખરે રહ્યું છે. ઊર્જા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોમાં રૂ. ૫૫,૦૦૦ કરોડના વધારાના રોકાણ સાથે રાજ્યની આર્થિક પ્રગતિમાં સહભાગી થવા બદલ અમને આનંદની લાગણી થાય છે." એનર્જી ટ્રાન્ઝિશનમાં રોકાણ કે જેમાં એસ્સારે ૧ ગીગાવોટ ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ ડેવલપ કરવા માટે એમઓયુ કર્યા છે. આ પહેલમાં અંદાજે રૂ. ૩૦,૦૦૦ કરોડનું રોકાણ થશે.

# આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડે 'કેરિંગ હેન્ડ્સ' - એમ્પાવરિંગ લાઈવ્સ એન્ડ બિલ્ડીંગ ફ્યુચરની ૧૨મી આવૃત્તિનું અનાવરણ કર્યું

મુંબઈ, તા. ૧૮


આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડની વાર્ષિક સીએસઆર પહેલ 'કેરિંગ હેન્ડ્સ' ૧૫મી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ તમામ સ્થળોએ હાથ ધરવામાં આવી હતી. આ સીએસઆર પહેલ સંપૂર્ણપણે સિનીયર મેનેજમેન્ટ ટીમના સંગઠન સાથેના કર્મચારીઓ દ્વારા અમલમાં મૂકવામાં આવી છે અને સ્વૈચ્છિક છે. આ વર્ષે પહેલ ૧૨૦ સ્થાનો પર યોજાઈ હતી, ૫,૦૦૦ કર્મચારી વોલિયેન્ટર સાથે ૩૪૦ શિબિરો યોજાઈ હતી જેની અસર લગભગ ૪૫,૦૦૦ લોકો સુધી પહોંચી હતી. 'નિર્ભય વાદે'ના અમારા સિદ્ધાંતો સાથે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડે આંખની વિના મૂલ્યે તપાસ શિબિરોનું આયોજન કરવાનું જાળવી રાખ્યું છે, જેથી કોઈપણ બાળક તેમની સાચી ક્ષમતા પ્રાપ્ત કરવામાં પાછળ ન રહે તેની ખાતરી કરી શકાય.

૨૦૧૧માં પ્રોગ્રામની શરૂઆત થઈ ત્યારથી આજ સુધીમાં કંપનીએ ૪,૦૦,૦૦૦ લોકોના જીવન સુધી પહોંચી છે અને ૨,૪૦૦ શાળાઓ સુધી પહોંચી છે અને સમગ્ર ભારતમાં ૭૦,૦૦૦ ચશ્માનું વિતરણ કર્યું છે. બહુવિધ સ્થળોએ એક કલાકમાં સૌથી વધુ ૧,૫૨૬ આંખના પરીક્ષણ સાથે, ૨૦૧૭માં પ્રતિષ્ઠિત ગિનિસ વર્લ્ડ રેકોર્ડ વિજેતાનો ભાગ બનવું એ સાચા સન્માનની વાત છે. આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ માને છે કે દરેક બાળકને અમારી 'કેરિંગ હેન્ડ્સ' પહેલ દ્વારા સ્વપ્ન જોવાનો અને તેના ભવિષ્ય માટે માર્ગ બનાવવાનો અધિકાર છે. પહેલ વિશે બોલતા માર્કેટિંગ, કોર્પોરેટ કોમ્યુનિકેશન્સ એન્ડ સીએસઆર હેડ શીના કપૂરે કહ્યું કે, "અમે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડની ફ્લેગશિપ સીએસઆર પહેલોમાંની એક 'કેરિંગ હેન્ડ્સ'ની અમારી ૧૨મી આવૃત્તિ રજૂ કરવા માટે ઉત્સાહિત છીએ. આ પહેલ અમારા હૃદયમાં વિશેષ સ્થાન ધરાવે છે, કારણ કે તે સંપૂર્ણપણે અમારા કર્મચારીઓની સ્વયંસેવા કરવાની આતુરતા દ્વારા પ્રેરિત છે. એક જ દિવસે, અમારી પાસે દેશભરમાં ૩૪૦ સરકારી શાળાઓમાં ૩,૦૦૦થી વધુ સ્ટાફ મેમ્બર્સ છે. તદુપરાંત, આ શાળાના પ્રેમાળ બાળકોને મળવું અત્યંત હૃદયસ્પર્શી છે અને સંતોષથી ભરપૂર દરેક કર્મચારી 'કેરિંગ હેન્ડ્સ'ને પરિપૂર્ણ બનાવે છે."

# ખંભાળીયામાં મહાપ્રભુજીની બેઠક ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ

(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળીયા તા. ૧૮



ખંભાળિયામાં આવેલી સુવિખ્યાત શ્રી મહાપ્રભુજીની બેઠકજી ખાતે ગઈકાલે રવિવાર તા.૧૭થી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયેલ છે. આ શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું તા.૨૩ ડિસેમ્બર સુધી સુંદર આયોજન કરવામાં આવ્યું છે. અહીંના સર્વે વૈષ્ણવ પરિવાર દ્વારા આયોજિત આ ભાગવત સપ્તાહમાં જાણીતા શાસ્ત્રી શ્રી અમિત ક્રિષ્ના આચાર્યશ્રી (બડી બેઠકજી વાલે) ખાસ ઉપસ્થિત રહી, અને કથામૃતનું રસપાન કરાવી રહયા છે. આ માટે અહીંની સેવાકુંજ હવેલીના પૂજ્ય ગોસ્વામી શ્રી માધવી વહુજી યશોદાનંદજી મહારાજના આશીર્વચન સાંપડ્યા છે. આ સપ્તાહમાં ગઈકાલે રવિવારે બપોરે ત્રણ વાગ્યે શ્રી ગીરીરાજધરણ હવેલીથી પોથીયાત્રા શરૂ થયેલ છે. આ પ્રસંગે આજરોજ સોમવાર તારીખ ૧૮ મીના રોજ શ્રીકૃષ્ણ જન્મોત્સવ, મંગળવારે બાળલીલા, ગુરૂવારે શ્રી ગીરીરાજજી પૂજન તેમજ આગામી શનિવારે પરીક્ષિત મોક્ષ બાદ કથાની પૂર્ણાહુતિ થશે. આ ધર્મમય આયોજનમાં દરરોજ બપોરે ૩ થી સાંજે ૭ વાગ્યે સુધી કથા શ્રવણનો લાભ લેવા વ્યવસ્થા સમિતિના કિશોરભાઈ તન્ના, વિનુભાઈ બરછા (ઘી વાળા), મનસુખભાઈ ખાગ્રામ, પ્રતાપભાઈ સોની, રમેશભાઈ લાલ વિગેરે દ્વારા વૈષ્ણવ ભાઈઓ બહેનોને અપીલ કરવામાં આવી છે.

# વૈજનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા કરાયેલ ગેરકાયદેસર બાંધકામ અંગે કાનુની પગલા લેવામાં આવશે : હેમાબેન શુકલ

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢના એડવોકેટ હેમાબેન શુકલએ એક યાદીમાં જણાવેલ છે કે, જૂનાગઢમાં કાળવા ચોકમાં વોર્ડ નં.૧૦ માં આવેલ વૈજનાથ મહાદેવનું મંદિર કે જે ગોદળબાવાના અખાડા તરીકે પણ પ્રખ્યાત છે. તેમાં અનંત ધર્માલય તરફ જતા રસ્તા ઉપર પડતી દુકાનો ઉપર નવા રૂમ, સીડી વગેરેનું બાંધકામ અને ચણતર તદન ગેરકાયદેસર રીતે અને કોર્પોરેશનની કે ચેરીટી કમિશ્નરની પરવાનગી વગર બાંધકામ કરી દેવામાં આવેલું છે. અને ટ્રસ્ટ એકટની જોગવાઈનો ભંગ કરી હેતુફેર કરવામાં આવેલ છે. જેમાં કોર્પોરેશન અને તંત્રની મિલીભગત હોય તેમ જણાય આવે છે. કારણ કે આ અંગે કોર્પોરેશનનો કરેલ આરટીઆઈ અંગે પણ કોઈ જવાબ ઈરાદાપુર્વક આપવામાં આવેલ નથી. આ બાબતો વાદગ્રસ્ત ટ્રસ્ટ સામે ચેરીટી કમિશ્નરમાં તથા કોર્પોરેશન અને શહેરી વિકા મંત્રાલયમાં કાનુની કાર્યવાહી કરવામાં આવનાર છે. વાદગ્રસ્ત અખાડાના ભાડુત કલ્પેશભાઈ ભુપેન્દ્રભાઈ ભટેચા દ્વારા આરટીઆઈ અંગે સેકન્ડ અપીલ પણ કરવામાં આવેલ છે. ટ્રસ્ટ દ્વારા સરકારી જમીન ઉપર પણ ગેરકાયદેસર દબાણ કરી લારી-ગલ્લાવાળાને ઉભા રાખી તેમની પાસેથી પણ ભાડુ વસુલ કરી લેન્ડગ્રેબીંગ કરવામાં આવી રહેલ છે. જે અંગે આગામી સમયમાં કાનુની પગલા ભરવામાં આવશે તેમ યાદીના અંતે જણાવેલ છે.

# આજથી માં અન્નપૂર્ણાના વ્રતનો પ્રારંભ

૨૧ દિવસ અન્નપૂર્ણાના વ્રતનો પ્રારંભ તા.૧૮ ડિસેમ્બર ૨૦૨૩ માગસર શુદ છઠ્ઠ ને સોમવારથી માં અન્નપૂર્ણા વ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે. માગસર સુદ છઠ્ઠના દિવસથી અન્નપૂર્ણા વ્રતનો પ્રારંભ થશે. ૨૧ દિવસનું આ વ્રત કરવાથી રિદ્ધિ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે અને ઘરમાં અન્નના ભંડાર ભરપૂર ? રહે છે તેમજ આરોગ્ય પણ સારૂં રહે છે.' આ વ્રત સ્ત્રી પુરૂષ બંને કરી શકે છે.

વ્રત કઈ રીતના કરવું તે અંગે જાણીએ. આજે સોમવારે વહેલા ઉઠીને નિત્યકર્મ કરી, વ્રતધારકે સુતરનો ૨૧ તારનો દોરો બનાવવો તેમાં ૨૧ ગાંઠો વાળવી, આ દોરો બનાવતી સતત શ્રી અન્નપૂર્ણાય નમ : ના જાપ બોલતા રહેવા, ત્યારબાદ આ દોરો જમણા હાથ ઉપર અથવા ગળામાં ધારણ કરવો. ૨૧ દિવસ સુધી ઉપવાસ કે એકટાણું રહેવું, લસણ - ડુંગળીનો ત્યાગ કરવો, શ્રી અત્રપૂર્ણા માતાજીની છબી સામે દરરોજ ધૂપ-દીવા કરીને ખરા હૃદયથી પૂજા કરવી, વ્રત પુરા થયા બાદ ૨૧માં દિવસે બ્રાહ્મણોને સજોડે ભોજન કરાવવું, ત્યારબાદ આ દોરો વહેતા પાણીમાં પધરાવી દેવો . આ વ્રત પાંચ વર્ષ કે તેથી વધુ વર્ષ કરી શકાય છે.

માતા અન્નપૂર્ણા એટલે સર્વજીવ પ્રાણી માત્રનું ભરણપોષણ કરનારી શક્તિ. જયારે - જયારે દુષ્કાળ પડે છે ત્યારે માં અન્નપૂર્ણા દેવને સહાય કરે છે. મહાદેવજી ભિક્ષા માંગી જીવન વ્યતીત કરી રહ્યાં હતા. ત્યારે તેમની સાથે ઉમાદેવી અન્નપૂર્ણા બન્યા લગ્નગ્રંથીથી જોડાયા અને શિવજીએ ભિક્ષા માંગવાનું બંધ કરી દીધું એવી એક લોકવાયકા છે. વ્રતના નિયમો, પુર્ણાહુતી : મા અન્નપૂર્ણાના વ્રતના નિયમો અનુસાર માતાજીના વ્રતની કથા ૨૧ દિવસ દરરોજ વાંચવી, શાંત ચિત્ત રાખવું, હિંસા કરવી નહિ, લસણ ડુંગળીનો ઉપયોગ ન કરવો, કોઈનું અપમાન ન કરવું, અપશબ્દો ન કહેવા, પવિત્રતાનું પાલન કરવું, વ્રતની ઉજવણીમાં બાળકો -બ્રાહ્મણોને જમાડવા, પંચાંગ પ્રમાણે આજે તા.૧૮-૧૨-૨૩ ને સોમવારે વ્રતની શરૂઆત થશે તથા પૂર્ણાહુતિ માગસર વદ અગિયારસના તા.૭-૧-૨૪ ને રવિવારે થશે .

– જ્યોતિષી રાજદીપ જોશી (વેદાંતરત્ન)

# દ્વારકાના જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીએ ધી પ્રેસિડેન્ટ સ્કુલની મુલાકાત લીધી

ખંભાળીયા તા. ૧૮




ખંભાળિયાના ધરમપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં વિદ્યાર્થીઓને સંસ્કાર આપતા પ્રાચીન શિક્ષણ અને ભાગવત ગીતાના જ્ઞાનને પ્રાધાન્ય આપતી શાળાની ખાસ મુલાકાત અહીં જિલ્લા ભાજપ પ્રમુખે લીધી હતી.

અત્રે આહિર સિંહણ તરફ જતા માર્ગે આવેલી ધી પ્રેસિડેન્ટ સ્કુલ ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી દ્વારા ખાસ મુલાકાત લેવામાં આવી હતી. આ શાળાની શિક્ષણ પદ્ધતિ તેમજ બાળકોમાં સંસ્કારના સિંચનના અભિગમ સહિતની બાબતે મયુરભાઈ ગઢવીએ શાળાના મુખ્ય સંચાલક માહીભાઈ સતવારા સાથે ચર્ચા વિચારણાઓ કરી હતી. સાથે સાથે બાળકોને વેદ, ઉપનિષદ, ભાગવત ગીતા વિગેરે વિષયો પર શાળા દ્વારા આપવામાં આવતા શિક્ષણ અંગે શાળાના આચાર્ય શ્રી ચંદુભાઈ પાસેથી માહિતગાર થયા હતા.

જિલ્લા પ્રમુખની આ મુલાકાતમાં આ શાળાની શિક્ષણ પદ્ધતિની સરાહના કરી તેમણે આગામી સમયમાં જરૂરી સાથ સહકાર આપવાની ખાતરી પણ તેમણે ઉચ્ચારી હતી

# ગેરકાયદેસર કટીંગ કરાયેલ ચંદનના લાકડા સાથે વેરાવળના મેઘપુર ગામના શખ્સની ધરપકડ





## તાલાલાના ગુંદરણ ગામે ચંદનના તેમજ વેરાવળના આજોઠા ગામે ૪૩ સાગના વૃક્ષોનું પણ ગેરકાયદેસર કટીંગ કર્યાની કબૂલાત

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૭

ગેરકાયદે કટીંગ કરાયેલ ચંદનના લાકડા સાથે વેરાવળના મેઘપુર ગામના શખ્સની ધરપકડ વન વિભાગે કરી તેની પુછપરછ કરતા તાલાલાના ગુંદરણ ગામે ચંદન ના તેમજ વેરાવળના આજોઠા ગામે ૪૩ સાગના વૃક્ષો નું પણ ગેરકાયદેસર કટીંગ કર્યા ની કબૂલાત કરેલ છે. આ અંગે વન વિભાગે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની માહિતી આપતા આર એફ ઓ કે. ડી.પંપાણીયાએ જણાવેલ કે, વેરાવળ વનવિભાગ દ્વારા ચંદનચોરીના લાકડા સાથે એક શખ્સને ને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પ્રાથમિક પૂછપરછમાં આ યુવકે ચંદનના લાકડાનું કટીંગ તાલાલા તાલુકાના ગુંદરણ ગામે કરેલ હોવાની કબુલાત આપી છે તો વધુ તપાસમાં વેરાવળ તાલુકાના આજોઠા ગામે ૪૩ જેટલા સાગના વૃક્ષોનું કટીંગ કર્યાની પણ કબૂલત આપેલ છે.

વધુ માહિતી આપતા જણાવેલ કે, વેરાવળ ના લાટી ગામ નજીક રેવન્યુ વિસ્તારમાંથી સુત્રાપાડા રેન્જ ફોરેસ્ટર સ્ટાફ દ્વારા પેટ્રોલીંગ દરમિયાન મેઘપુર ગામના કમલેશ માલા વાજા નામના એક શખ્સને ગેરકાયદે લાકડા કટીંગ કરતા ઝડપી લીધો હતો, જેની પૂછપરછ કરતાં આ શખ્સ દ્વારા ચંદનના લાકડાનું પણ ગેરકાયદેસર કટીંગ કરેલ હોય અને આ ચંદનના લાકડાનો જથ્થો પોતાના ઘરે છુપાવીને રાખ્યો હોવાનું માલુમ પડતા વન વિભાગની ટીમ દ્વારા આ શખ્સને સાથે રાખી મેઘપુર ગામે તેના ઘરની જડતી લેતા તેના ઘરેથી ૩૬ કિલો જેટલો ચંદનના લાકડાનો જથ્થો મળી આવ્યો હતો. આ ઝડપાયેલ શખ્સ વૃક્ષ કટીંગની મજૂરી કરતો હોય જેથી વન વિભાગ દ્વારા આગવી ઢબે પૂછપરછ હાથ ધરતા પોતે આ ચંદનનું લાકડું તાલાળા તાલુકાના ગુંદરણ ગામેથી એક માલિકીની વાડીમાંથી કટીંગ કર્યાનું જણાવ્યું હતું.

આ ઉપરાંત વેરાવળના આજોઠા ગામે પણ એક ખાનગી માલિકીની વાડીમાં ૪૩ જેટલા સાગના લાકડાનું પણ ગેરકાયદે કટીંગ કર્યા ની કબુલાત આપતા વન વિભાગ દ્વારા આજોઠા ગામે તપાસ હાથ ધરવામાં આવી હતી. આજોઠા ગામના ઉકાભાઈ સોલંકી ની માલિકીની વાડીમાં ૪૩ જેટલા સાગના વૃક્ષના લાકડા કટીંગ કરેલા મળી આવ્યા હતા.

વન વિભાગ દ્વારા વાડી માલિક વિરુદ્ધ પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે જ્યારે ચંદનના લાકડાની ચોરી અંગે આ ગુનો તાલાળાના ગુંદરણ ગામે બનેલ હોય જે અંગે તાલાળા વનવિભાગને આરોપી નો કબજો સોંપવામાં આવશે. વધુ તપાસ તાલાળા વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવનાર છે. જ્યારે વેરાવળના આજોઠા ગામેથી જે સાગના લાકડા નું ગેરકાયદેસર કટીંગ કર્યું છે તે અંગે પણ વન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન ધારા તેમજ ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ ની કલમ અન્યવે ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

# માંગરોળના નચિકેતા વિદ્યામંદિર ખાતે વિદ્યારંભ સંસ્કાર યોજાયો






(નિલેશ રાજપરા દ્વારા)


માંગરોળ તા.૧૮

નચિકેતા વિદ્યામંદિર - માંગરોળ દ્વારા અપ્સરા માતાજીના પટરાંગણમાં વિદ્યારંભ સંસ્કાર યોજવામાં આવેલ.સંપૂર્ણ ભારતીય સંસ્કૃતિ અને ઋષિ પરંપરામાં વિદ્યારંભ સંસ્કાર યોજવામાં આવેલ જેમાં સૌ પ્રથમ બાળકોની માતાઓ દ્વારા પવિત્ર ધર્મગ્રંથોની શોભાયાત્રા કરી માં સરસ્વતીના સાનિધ્યમાં ગ્રંથોનું સ્થાપન કરેલ, ત્યારબાદ વંદના સત્ર સંપન્ન થયેલ ત્યાર બાદ વિદ્યાભારતી પ્રાંતમાંથી આવેલ બહેનશ્રી રીનાબેન દવે દ્વારા વિદ્યારંભ સંસ્કાર વિશે બૌદ્ધિક આપવામાં આવેલ. બૌદ્ધિક પૂર્ણ થયા બાદ યજ્ઞહોત્ર કરવામાં આવેલ અને બાળકોને ૐ કાર લેખન કરાવી અંતે માં સરસ્વતીનું પૂજન કરી માતાઓએ પોતાના બાળકોને આશીર્વાદ આપી કાર્યક્રમ સંપન્ન કરવામાં આવેલ. કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત માંગરોળ શહેરના પી.એસ.આઈ. એસ. સોલંકી સાહેબ, સંઘના માંગરોળ તાલુકા કાર્યવાહ શ્રી કેતનભાઈ નરશાણા, વિસ્તારક શ્રી હરેશભાઈ રાઠોડ ઉપસ્થિત રહેલ. સંપૂર્ણ કાર્યક્રમ બહેનશ્રી રીનાબેન દવે વિદ્યાભારતી ગુજરાત પ્રાંતના પૂર્ણકાલીન કાર્યકર્તા છે જેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા વિદ્યાલયના બહેનો,વિદ્યાર્થીઓ અને ખાસ વાલીઓ જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢમાં પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની શાનદાર ઉજવણી માટે ૨૦ સમિતિઓની રચના કરાઈ

## રાષ્ટ્રીય પર્વ ૨૬મી જાન્યુઆરીની રાજ્યકક્ષાની ઉજવણી માટે જૂનાગઢ બન્યું છે યજમાન : કલેકટર અનિલકુમાર રાણાવસિયાના નેતૃત્વ અને માર્ગદર્શનમાં કરાઈ રહેલી પૂર્વ તૈયારીઓ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

રાષ્ટ્રીય પર્વ ૨૬મી જાન્યુઆરીની રાજ્યકક્ષાની ઉજવણી માટે જૂનાગઢ યજમાન બન્યું છે. ત્યારે કલેકટર અનિલકુમાર રાણાવસિયાના નેતૃત્વ અને માર્ગદર્શનમાં પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી માટે પૂર્વ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ રાષ્ટ્રીય પર્વ ગરીમામય માહોલમાં ઉજવાઈ તે માટે એક આદેશ દ્વારા ૨૦ જેટલી સમિતિઓની રચના કરવામાં આવી છે. જિલ્લાના જુદા જુદા કચેરી- વિભાગના અધિકારીઓના સમાવેશથી બનેલી આ સમિતિઓને પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે ફરજો સોંપવામાં આવી છે. કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ એક બેઠકમાં સંબંધીત અધિકારીઓને પરસ્પર સંકલન અને ટીમવર્કથી કામ કરવા માટે જણાવ્યું હતું. તેમણે જૂનાગઢ માટે ગૌરવપ્રદ આ પ્રસંગને અનુરૂપ વ્યવસ્થાઓ કરવા માટે પણ સૂચના આપી હતી. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી માટે ૨૦ સમિતિઓમાં મુખ્ય સંકલન કમિટી, ધ્વજ વંદન કાર્યક્રમ તથા મુખ્ય સ્ટેજ કમિટી, એટ હોમ કમિટી, પરેડ સલામતી અને પાર્કિંગ તથા ટ્રાફિક નિયમન તેમજ પાસ કમિટી, કારોબારી હિસાબ કમિટી, બેઠક વ્યવસ્થાપન કમિટી, આમંત્રણ કાર્ડ તેમજ અન્ય સાહિત્ય છાપકામ તથા વિતરણ કમિટી, મંડપ, લાઈટ, માઈક, રોશની, હેલીપેડ, સ્ટેજ કમિટી, સાંસ્કૃતિક કાર્યક્રમ કમિટી, મહેમાનો માટે રહેઠાણ વ્યવસ્થાપન કમિટી, ભોજન અલ્પાહાર વ્યવસ્થાપન કમિટી, સ્વાગત-પ્રોટોકોલ કમિટી, પુરસ્કાર વિતરણ કમિટી, આરોગ્ય મેનેજમેન્ટ અને આકસ્મિક સારવાર સમિતિ, સફાઈ મેનેજમેન્ટ કમિટી, પ્રચાર પ્રસાર અને પ્રેઝન્ટેશન કમિટી, અન્ય તમામ કાર્યક્રમ ખાતમુહૂર્ત-લોકાર્પણ સહિતનું સંકલન, વાહનોની વ્યવસ્થાપન કમિટી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટી અને ટેબ્લો કમિટીનો સમાવેશ થાય છે.

# કેશોદમાં સોશ્યલ મીડિયામાં હથીયાર સાથે ફોટો પોસ્ટ કરી ભય ફેલાવવો ભારે પડ્યો

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૮

કેશોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોતાનાં આઈડી પર હથીયાર સાથે વિડિયો બનાવી પોસ્ટ કરી સોશ્યલ મીડીયા ઉપર વાયરલ કરવાનું કૃત્ય ભારે પડયુ. કેશોદ શહેર વિસ્તારમાંથી લીલા પીળા કલરના હાથા વાળી છરી સાથે એક ઈસમને પકડી પાડી કેશોદ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. કેશોદ પોલીસ કેશોદ શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યાં હતાં ત્યારે કેશોદ ઘોબી શેરી ભમમરીયા કુવા પાસે રહેતા એક શખ્સ ઉંમર વર્ષ ૨૦ ધંધો મજુરી વાળાએ પોતાનાં આઈડી પર હથીયાર સાથે વિડિયો બનાવી પોસ્ટ કરી વાયરલ કરી ભય ફેલાવવા અને શાંતિ ડહોળવાનો પ્રયાસ કરતાં કોર્ડન કરી ઝડપી પાડી અંગજડતી લેતાં પાસેથી લીલા પીળા કલરની એક નીચે હાથાવાળી તથા ઉપર અણી વાળી, એક બાજુ ધાર વાળી તથા ઉપર ડીઝાઈન વાળી કિંમત રૂપિયા ૧૦૦/- વાળી સાથે પકડી પાડી આરોપી વિરૂધ્ધ કેશોદ પોલીસ સ્ટેશન જી.પી.એક્ટ ૧૩૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એન્ડ્રોઈડ મોબાઈલ પર જુદી જુદી એપ્લિકેશન માં જુદાં જુદાં ગીતો ડાયલોગ સાથે વિડિયો બનાવી સ્ટેટ્સ પર કે એપ્લિકેશન માં અપલોડ કરી વાયરલ કરવાની ઘેલછા લાગી છે ત્યારે ઉત્સાહમાં આવી કાયદા ની મર્યાદા ઓળંગી જતાં ભારે પડી જાય છે.

# જૂનાગઢના આણંદપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું કુમકુમ તિલક સાથે સ્વાગત કરાયું




જૂનાગઢ તા.૧૮

જૂનાગઢના આણંદપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું અને મહેમાનોનું કુમકુમ તિલક સાથે બાળાઓએ સ્વાગત કર્યું હતું.આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના અન્ય રાજ્યમાંથી વીડિયો કોન્ફરન્સ ના માધ્યમથી જોડાયેલા જન કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. સાથે જ પ્રધાનમંત્રીશ્રીએ પ્રસંગોચિત માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી મીરાંત પરીખે જણાવ્યું કે સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકોને સામે ચાલીને વિવિધ યોજનાઓનો લાભ આપવાનો અભિગમ અપનાવ્યો છે જે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી સાકાર પણ થઈ રહ્યો છે. તેમણે મહિલા સશક્તિકરણની પ્રાધાન્ય આપવાની વાત કરતા કહ્યું કે, મહિલાઓ આગળ વધે તે માટે નાણાકીય રીતે સશક્તિકરણ થાય તે જરૂરી છે આ માટે સ્વ સહાય જૂથ, કેસ ક્રેડિટ, રિવોલ્વિંગ ફંડ વગેરે દ્વારા મહિલાઓને આર્થિક રીતે પગભર કરવામાં આવી રહી છે. ઉપરાંત સુપોષિત ભારતના નિર્માણ માટે માતૃ શક્તિ, બાળ શક્તિ અને પૂર્ણા શક્તિના પેકેટનો યોગ્ય ઉપયોગ કરી સુપોષિત બનવા માટે અનુરોધ કર્યો હતો. નલ સે જલ યોજનાના સફળ અમલીકરણ માટે અને ૧૦૦ ટકા નળ કનેકશન આપવા માટે ગ્રામ પંચાયતને અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યું હતો. એપીએમસી- જૂનાગઢના ચેરમેન કેવલભાઈ ચોવટીયા અને અગ્રણી શ્રી ગોવિંદભાઈ સોલંકીએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. આ પ્રસંગે કુ. જેન્સી દીપકભાઈ કાનાબારનું અન્ડર-૧૨ ટેનિસમાં ગુજરાતમાં પ્રથમ ક્રમે અને ભારતમાં છઠ્ઠા ક્રમ મેળવવા માટે બહુમાન કરવામાં આવ્યું હતું. ઉપરાંત આરોગ્ય કર્મી અને આંગણવાડી બહેનોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, આયુષ્માન ભારત કાર્ડ સહિતના યોજનાકિય લાભોનો વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત મેરી કહાની મેરી જવાની અંતર્ગત જનકલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરપર્સન ભાવનાબેન મૈતર, જિલ્લા પંચાયતના સદસ્ય અનકભાઈ ભોજક, અગ્રણી શ્રી પ્રવીણભાઈ ઠુંમર, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ શ્રી દિલીપભાઈ ઠુંમર, સરપંચ શોભનાબેન મેરામણભાઈ બંધીયા સહિત જુદા જુદા વિભાગના કર્મચારી અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના ખાતે વોલીબોલ ટુર્નામેન્ટ-૨૦૨૩ યોજાઈ



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૮


**BSNL**-ઉના આયોજિત વોલીબોલ ટુર્નામેન્ટ-૨૦૨૩નું ઉના મુકામે શાનદાર આયોજન થયેલ જેમાંઉના-અમરેલી-સુત્રાપાડા-વેરાવળ-ખાંભા-ગીરગઢડા-દીવ-સામતેર-જાફરાબાદ વિગેરે કુલ ૧૬ ટિમો એ ભાગ લીધેલ જેમાં ફાઈનલ માં **BSNL** ઉના અને સુત્રાપાડા ફાઈનલમાં પહોંચેલ અને ભારે રસાકસી બાદ **BSNL** ટિમ ઉનાના ખેલાડીઓ (૧) મિહિર પરમાર, (૨) હિરેન સોલંકી, (૩) ધર્મેશ દવે, (૪) બિપિન મકવાણા, (૫) જયદીપ મોદી, (૬) પ્રિયંક બાંભણીયા એ જોરદાર રમતનું પ્રદર્શન કરી વિજેતા થયેલ અને ઉના નું નામ રોશન કર્યુ હતું.



દ્વારકામાં શ્રી દ્વારકાધીશજીના પરમ ભક્ત વૈદેહીબેન નીરવભાઈ શાહ પરિવાર દ્વારા શ્રીજીના બાલ સ્વરૂપ ને આયુધ (શંખ, ચક્ર, ગદા, પદ્મ) અર્પણ કરવામાં આવ્યા હતા.

(તસ્વીર : રાકેશ સામાણી દ્વારા, દ્વારકા)

# સુપ્રસિધ્ધ લંબે હનુમાનજી મંદિરે સુંદરકાંડના પાઠનું પઠન : સંતોનું કરાયું સન્માન







જૂનાગઢ તા.૧૮ : જૂનાગઢ ગિરનારની તળેટીમાં આવેલ સુપ્રશિધ લંબે હનુમાન ની જગ્યામાં વરસોથી દર શનિવારે સંગીત મય સુંદર કાંડ ના પાઠ થતાં રહેછે પરંતુ કોરોના બાદ બંધ હતા હવે ફરી થી આ પાઠ શરૂ થતાં દર શનિવારે સાંજે ૬ થી ૭ માં ભક્તો આ સુંદર કાંડ ના પાઠનું પઠન કરે છે અને હનુમાન જીની કૃપા મેળવે છે આજના આ કાર્ય ક્રમ માં મહંત શ્રીવિષ્ણુદાસજી, શ્રી જાનકી દાસજી, શ્રી રોહિત દાસજી, શ્રી પ્રભુ દાસજી દામોદર મહારાજનું સાલ ઓઢાડી સન્માન સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ ના ટ્રસ્ટી શ્રી હસુભાઈ જોશી બ્રહ્મ અગ્રણી શૈલેષ પંડ્યા વગેરે એ કર્યુ હતું.

# દ્વારકાનાં ગોરીયારી ગામે ધ્વજારોહણ-લોકડાયરા સહિતના કાર્યક્રમોનું આયોજન





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૮

દ્વારકાનાં ગોરીયારી ગામે રામદેવજી મહારાજનાં એક સાથે ૨૪ પાઠ, મંદિરોએ ધ્વજારોહણ, ભવ્ય લોક ડાયરો અને મહાપ્રસાદનું આયોજન તા.૧૯ ડિસેમ્બરને મંગળવારનાં રોજ આયોજન કરવામાં આવેલ છે.

દ્વાદશ જ્યોતિર્લિંગ નાગેશ્વર મંદિર ઉપરાંત મંદિરોએ.નૂતન ધ્વજારોહણ ઉપરાંત સંતોના સામૈયા દિવસ ભર કાર્યક્રમ રહેશે. મહાપ્રસાદ, એક સાથે ૨૪ પાઠ અને વિખ્યાત ભજન કલાકાર રામદાસ ગોંડલીયા અને કાનભાઈ આહીરનાં સુમધુર સ્વરમાં ભજન સંતવાણી નો કાર્યક્રમ શરૂ થશે. ઉપરોક્ત કાર્યક્રમમાં સૌ ધાર્મિક પ્રજા અને ભક્તગણને પધારવા માટે પૂરણદાસ જેઠીરામ કાપડી બાપુએ જાહેર આમંત્રણ પાઠવેલ છે.

# માંગરોળના સાંગાવાડા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું સ્વાગત

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૮

જૂનાગઢ જીલ્લાના માંગરોળ તાલુકાના સાંગાવાડા ગામે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"નો રથ આવી પહોંચતા ગામના સરપંચ ભરતભાઈ માલમ અને ગ્રામજનો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સરકાર તથા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" દ્વારા પાત્રતા ધરાવતા લાભાર્થીઓને આ યોજનાઓનો લાભ મળી રહે તે માટે આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ યાત્રા દરમ્યાન લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓના લાભોનું વિતરણ કેશોદ માંગરોળ ધારાસભ્ય દેવાભાઈ માલમ તાલુકા પંચાયત પ્રમુખ ભાવેશભાઈ




ડાભી તાલુકા સદસ્ય ગોવાભાઈ ચાંદેરા સાંગાવાડા ગામના સરપંચ ભરતભાઈ માલમ, થલી ગામના સરપંચ છગનભાઈ ચૂડાસમા, વિરોલ ગામનાં સરપંચ ભગવાનજીભાઈ કમારિયા તાલુકા પંચાયતના મહાનુભાવો કર્મચારીઓ નાં હસ્તે કરાયુ હતું. અને આ કાર્યક્રમ અંતર્ગત લાભાર્થીઓએ પોતાને મળેલા લાભો વિશે જણાવ્યું હતું. ધરતીનું સંરક્ષણ કરવા ખેડૂત નાટ્ય કૃતિ રજુ કરવામાં આવેલ અને સ્વાગત ગીત સહિત નાટ્ય પ્રદર્શન દ્વારા પ્રાકુતિક ખેતીના મહત્ત્વની સમજણ આપવામાં આવી હતી.

આ તકે મરીન પોલીસ સી.ટીમ દ્વારા બાળાઓને મહિલા ની સુરક્ષા માટે માહિતી આપવામા આવેલ.

આ તકે ધારાસભ્ય તાલુકા પંચાયત પ્રમુખ તેમજ સરપંચો અને ગામના આગેવાનો, કર્મચારીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

# જૂનાગઢમાં સુસવાટા મારતો પવન ફુંકાયો : ઠંડીમાં વધારો


(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં એક જ દિવસમાં તાપમાન ૩ ડિગ્રીના ઘટાડા સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જૂનાગઢ હવામાન વિભાગમાંથી મળતી વિગત અનુસાર જૂનાગઢ શહેરમાં શનિવારે સવારનું લઘુત્તમ તાપમાન ૧૮.૫ ડિગ્રી રહ્યા બાદ એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન ૩ ડિગ્રીના ઘટાડા સાથે રવિવારે તાપમાનનો પારો ૧૫.૫ ડિગ્રીએ સ્થિર થયો હતો. જેના પરિણામે ઠંડીમાં વધારો થયો હતો. વહેલી સવારથી વાતાવરણમાં ધુમ્મસનું આવરણ રહ્યું હતું અને સાથે સાથે આકાશમાં વાદળો પણ છવાઈ ગયા હતા. રવિવારે સવારે વાતાવરણમાં સવારે ભેજનું પ્રમાણ ૭૫ ટકા બપોરબાદ ૪૦ ટકા રહ્યું હતું. દિવસ દરમ્યાન પવનની પ્રતિ કલાકની ઝડપ ૪.૨ કિલોમીટરની રહી હતી. આમ, જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં તાપમાનમાં એકા- એક ઘટાડા સાથે ઠંડક પ્રસરી હતી. દરમ્યાન ગઈકાલે રાત્રીથી જ સુસવાટા મારતો પવન ફુંકાયો છે અને ઠંડીની તીવ્રતામાં વધારો થયો છે. જૂનાગઢ શહેરનું તાપમાન જોઈએ તો આજે મહતમ ૨૩.૪, લઘુતમ ૨૦.૬ રહ્યું છે. જયારે ભેજ ૪૯ ટકા અને પવનની ગતી ૫.૭ રહી છે.

# જૂનાગઢમાં ગટરના ઢાંકણા સાથે બાઇક અથડાતા આશાસ્પદ યુવાનનું મૃત્યું

## આજે સાંજનાં ૬ કલાક સુધીમાં ઝાંઝરડા રોડ ઉપરનાં ગટરનાં ઢાંકણા રીપેર નહીં થાય તો સમગ્ર ઝાંઝરડા રોડ ઉપર ચકકાજામ કરવાનું નાગરીકોએ અલ્ટીમેટમ આપ્યું : સાઅપરાધ માનવવધનો ગુનો દાખલ કરવા પણ માંગણી





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ શહેરમાં મહાનગરપાલિકાના તંત્રવાહકો સામે પ્રાથમિક સુવિધાના પ્રશ્ને દાવાનળ સળગ્યો છે. એટલું જ નહી જુન માસમાં સર્જાયેલા જલ પ્રલયના કારણે પણ લોકોના જીવ પડીકે બંધાયા હતા અને સત્તાધીશો સામે ભારે રોષની લાગણી ઉઠવા પામી છે. આ ઉપરાંત શહેરમાં આડેધડ થતા રોડના કામો તેમજ ત્યારબાદ ગટરના ઢાંકણા આડેધડ મુકવામાં આવતા હોય રોડનું લેવલ પણ જળવાતું ન હોય અને ગંભીર અકસ્માતના બનાવો સર્જાતા હોય છે. જૂનાગઢ શહેરના રસ્તા ઉપરથી પસાર થવું એટલે સહેજ ધ્યાન ચુકયા એટલે મોતને હવાલે તેવું પણ છડચોક બોલાય છે અને ત્યાં જ ઝાંઝરડા રોડ ઉપર ગટરના ઉંચા રાખી દેવાયેલા ઢાંકણાના કારણે સર્જાયેલા એક આશાસ્પદ ભાવિ ઈજનેરનો ભોગ લેવાયાના બનાવની કરૂણતા સર્જાતા તંત્રવાહકો સામે ફીટકારની લાગણી વરસી છે. આ સાથે જ મનપાના જવાબદારો સામે કડક કાર્યવાહી અને માનવ સાઅપરાધ ગુનો દાખલ કરવા પણ માંગ કરાઈ છે.

દરમ્યાન આ લખાઈ રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ ઉપરોકત ઘટનાના સંદર્ભમાં સમગ્ર ઝાંઝરડા રોડ વિસ્તારનાં લોકોમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે. અને આજે સાંજનાં ૬ કલાક સુધીમાં જો ઝાંઝરડા રોડ ઉપરનાં ગટરનાં તમામ ઢાંકણા રીપેર નહીં થાય તો સમગ્ર ઝાંઝરડા રોડ ઉપર ચકકાજામ કરવાની નાગરીકોએ અલ્ટીમેટમ આપ્યું હોવાનું જાણવા મળે છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે લગભગ આઠ દિવસ પહેલા ઝાંઝરડા રોડ વિસ્તારમાં બેબીલેન્ડ સ્કુલ પાસે માર્ગ ઉપર ગટરનું ઢાંકણું ખુલ્લું હોવાનાં કારણે એક કાર ફસાઈ ગઈ હતી. જૂનાગઢના ઝાંઝરડા રોડ ઉપર ચાલતા રોડના કામમાં ગટરના ઉંચા રાખી દેવાયેલા ઢાંકણાના કારણે અકસ્માત સર્જાતા મિકેનીકલ એન્જીનિયરનો અભ્યાસ કરતા એક આશાસ્પદ યુવકનું મૃત્યું થયું છે. આ બનાવથી મૃતક યુવાનના પરિવારમાં ગમગીની સાથે તંત્ર સામે ઉગ્ર રોષ વ્યાપી ગયો છે. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર, હિંગળાજ મંદિર સામે રહેતા અને ખાનગી કોલેજમાં મીકેનિકલ એન્જીનિયરીંગનો અભ્યાસ કરતા મોહિત દિપકભાઈ પૈડા(ઉ.વ.૨૧) ગત શુક્રવારે રાત્રે એકટીવા ઉપર પોતાના સાગાને ત્યાં વાંચવા જતો હતો ત્યારે ઝાંઝરડા રોડ ઉપર સાઈબાબાના મંદિર પાસે રસ્તાની ઉપર રહેલું ગટરનું ઉંચા ઢાકણા સાથે બાઈક અથડાતા માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત યુવકને ૧૦૮ મારફત ખાનગી હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં તેને બ્રેઈન સર્જરી કરવામાં આવી હતી અને સર્જરી બાદ આઈસીયુમાં રહેલા યુવકનું મૃત્યું થયું હતું. દરમ્યાન ૨૧ વર્ષિય મૃતક યુવાન મોહિત દિપકભાઈ પૈડાના ફૂઆ પ્રદિપભાઈ ભીંડીએ જણાવ્યું હતું કે, અમે હરિઓમ નગરમાં રહિએ છીએ. મારો દિકરો કોલેજમાં અભ્યાસ કરે છે. જ્યારે મૃતક મોહિત પૈડા પણ જૂનાગઢની ખાનગી કોલેજમાં મિકેનીકલ એન્જીનિયરનો અભ્યાસ કરતો હતો. બન્ને સાથે ભણતા હતા અને પરિક્ષા નજીક હોય મોહિત વાંચવા માટે મારા ઘરે આવતો હતો. શુક્રવારની રાત્રિના ૧૨:૩૦ વાગ્યે તે ઘરેથી આવતો હતો ત્યારે ઝાંઝરડા રોડ ઉપર કે.ડી. ભીંડી જવેલર્સ પાસે ગટરનું ઢાંકણું ઉચું હોય તેની સાથે બાઈક અથડાયું હતું. આ અકસ્માતમાં મોહિત ત્રણેક ફૂટ સુધી ઢસડાયો હતો જેમાં તેને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બાદમાં તેને કે.જે.હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી જેના કારણે સારવાર દરમ્યાન રવિવારે સવારે ૯ વાગ્યે મોહિતે અંતિમ શ્વાસ લીધા હતા. આમ, તંત્રની ઘોરબેદરકારીના કારણે અમારા પરિવારે એક આશાસ્પદ યુવાન ગૂમાવ્યો છે. દિપકભાઈ પૈડાને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. દિકરી ધોરણ ૧૦માં અભ્યાસ કરે છે અને મોહિત કોલેજમાં અભ્યાસ કરતો હતો. આમ, મૃતક યુવાન તેમના માતા અને પિતાનો એકનો એક પુત્ર હોય માતા-પિતાએ આશાસ્પદ યુવાન- એકના એક દિકરાને ગૂમાવ્યો છે. શહેરના અનેક રોડ ઉપર ગટરના ઢાંકણાના લેવલ નથી.નવા રોડ બને છે ત્યાંતો ઠીક જયાં રોડ બની ગયા છે ત્યાં પણ ક્યાંક ઢાંકણા બેસી જતા ખાડા જેવું થઈ જાય છે. ક્યાંક ઢાંકણા ઉપર હોય બમ્પ જેવું બની જાય છે. કરોડો રૂપિયાના ખર્ચે કામગીરી થાય છે તેમ છતાં પણ રોડના લેવલ કરતા ઉંચા, નીચા ઢાંકણા રહી જાય છતાં કેમ કોઈના ધ્યાને નથી આવતું ? એનો મતલબ કે કોન્ટ્રાકટર દ્વારા કરાતી કામગીરી ઉપર મનપાના ઈજનેરોનું કોઈ યોગ્ય સુપરવિઝન થતું જ નથી. વળી, જ્યાં રોડ બને છે ત્યાં ગટરના ઢાંકણા આગળ કોઈ આડશ નથી હોતી, એલર્ટ માટે લાલ રિબીન નથી હોતી કે રેડીયમ નથી હોતું. પરિણામે જીવલેણ અકસ્માત સર્જાય છે. ત્યારે હજુ કેટલાનો ભોગ લેવાય તેની તંત્ર રાહ જુએ છે ? તેવો સવાલ લોકોમાં ઉઠવા પામ્યો છે. આ અંગે મૃતક યુવાનના પિતા દિપકભાઈ પૈડાએ તંત્રને અપીલ છે કે, મારી સાથે જે બન્યું છે તેવું અન્ય કોઈના સાથે ન બને. કોઈ વ્યક્તિને જીવ ગૂમાવવો પડે તે ઘોરબેદરકારી છે. ત્યારે તંત્ર આવી બેદરકારી વ્હેલી તકે દૂર કરે તેવી માંગ કરી છે. અત્રે નોંધનીય છે કે, જૂનાગઢ મહાનગરપાલિકાના તંત્ર વાહકોની બેદરકારીના કારણે ભૂતકાળમાં પણ ઘણા અકસ્માતો સર્જાયા છે. તેમજ ગંભીર ઈજાઓ પામનારના મૃત્યું પણ થયા છે અને ઘોરબેદરકારી દાખવનાર મનપાના સત્તાધીશો સામે આમ જનતામાં ભારે રોષની લાગણીને ફરિયાદો ઉઠેલી છે. જૂનાગઢમાં વધુ એક બેદરકારીના કારણે એક આશાસ્પદ યુવાનનું મૃત્યું થવાના બનાવથી રોષનો દાવાનળ પ્રગટયો છે. એટલું જ નહી જેમ મોરબીની ઘટનામાં દોષીતો સામે કડક કાર્યવાહી કરવામાં આવી અને ગુનો દાખલ થયો છે એ જ રીતે જૂનાગઢ મ્યુનીસીપલ કોર્પોરેશનના શાસનઆધિપતિઓ તેમજ કમિશ્નર સહિતનાઓ તેમજ જવાબદારો સામે તાત્કાલીક ધોરણે સાઅપરાધ માનવ અંતર્ગત ગુનો દાખલ કરી અને કડક કાર્યવાહીની માંગણી ઉઠવા પામી છે.

# જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ કોણ બનશે ? - ચર્ચાતો પ્રશ્ન

## જૂનાગઢ ભાજપમાં તોળાતા ધરખમ ફેરફારો : ટુંક સમયમાં નવાજુનીના એંધાણ



જૂનાગઢ તા. ૧૮

જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખની વરણી માટેનો તખ્તો ગોઠવાઈ રહયો છે અને આગામી દિવસોમાં જ એટલે કે કમુહુર્તા પછી શહેર ભાજપના માળખામાં ધરખમ ફેરફારો કરવામાં આવે તેવા નિર્દેશો મળી રહયા છે. મોટેપાયે થનારી આ હિલચાલને લઈને અત્યારથી જ શહેર પ્રમુખ પદનો તાજ ધારણ કરવાની ઈચ્છા ધરાવનારાઓ દ્વારા લોગીંગ પણ શરૂ થઈ ગયું હોવાનું જાણવા મળેલ છે.

આગામી લોકસભાની ચુંટણી બારણે ટકોરા દઈ રહી છે. બરાબર તેવા સમયે દેશભરમાં ચુંટણીલક્ષી માહોલ સર્જાવાનો છે. તો બીજીતરફ કેન્દ્રમાં ફરી પાછું ભારતીય જનતા પાર્ટીનું શાસન સંપુર્ણ બહુમતી સાથે આવે તે માટેની ગતિવીધી પ્રબળ બની છે. અને જેને લઈને ગુજરાતમાં પણ લોકસભાની ૨૬ બેઠકો કબ્જે કરવાની વ્યુહરચના ઘડાઈ રહી છે. જેના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટીના માળખામાં ધરખમ ફેરફારો થાય તેવા નિર્દેશો મળી રહયા છે. જૂનાગઢ શહેર ભાજપના વર્તમાન પ્રમુખ પુનિત શર્માની મુદત પુર્ણ થવામાં છે ત્યારે નવા સુકાનીની નિમણૂંક માટે કવાયતો હાથ ધરવામાં આવી છે. છેલ્લા કેટલાય સમયથી જૂનાગઢ શહેરમાં પ્રમુખ પદનો તાજ કોને આપવો કે પછી પુનિત શર્માને રીપીટ કરવા તે અંગેનું કોંકડું સતત ગુંચવાયેલું રહયું છે. અને એક યા બીજા કારણોસર યોગ્ય નિર્ણય થઈ શકતો ન હોવાની પણ ચર્ચા છે. દરમ્યાન શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્માની મુદત પુર્ણ થાય છે અને કમુહુર્તા બાદ નવા સુકાનીની નિમણૂંક થાય તેવા નિર્દેશો મળી રહયા છે. ત્રણ વર્ષના સમયગાળા દરમ્યાન શહેર ભાજપ પ્રમુખ અને તેમની ટીમની કામગીરી અંગેનું સરવૈયું પણ ઉચ્ચકક્ષાએ કાઢવામાં આવી રહયું છે અને પ્રદેશ ભાજપના વરિષ્ઠ નેતાઓ દ્વારા આ કામગીરીની સમીક્ષા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત જૂનાગઢ મહાનગર પાલિકામાં હાલ ભાજપનું શાસન છે અને ભાજપના આ નેતાઓ દ્વારા કેવી પ્રજાલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે તે અંગે પણ લેખાજોખા જોવામાં આવી રહયા છે.

શહેર ભાજપની કામગીરી તેમજ પ્લસ મહાનગરપાલિકાના ભાજપના સત્તાધીશોની કામગીરી આ બંનેનું સરવૈયું કાઢી અને જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ તરીકે સ્વચ્છ અને નિષ્પક્ષ ચહેરો લાવવા પ્રયત્નો કરવામાં આવી રહયા છે. જાણકાર સુત્રોના જણાવ્યા અનુસાર જૂનાગઢ વિધાનસભા મતક્ષેત્રના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા જ્ઞાતિએ કડવા પટેલ છે. આ બાબતને પણ ધ્યાનમાં રાખવામાં આવી રહી છે. આગામી લોકસભાની ચુંટણીને ધ્યાને લઈ અને જૂનાગઢ શહેરમાં કોણ સારી કામગીરી કરી શકે તે માટે પસંદગીનો કળશ ત્રણ જ્ઞાતિઓ ઉપર કેન્દ્રીત થયેલો છે. શહેર ભાજપ પ્રમુખ પદે લોહાણા જ્ઞાતિ, લેઉવા પટેલ સમાજ અથવા તો બ્રહ્મસમાજ, સિંધી સમાજને એક તક આપવામાં આવે તેવું પણ જાણકાર સુત્રો દ્વારા જણાવવામાં આવી રહયું છે. નવી નિયુક્તિ માટેની કામગીરી કમુહુર્તા ઉતરતાજ શરૂ થવાની છે અને અત્યારથી જ પ્રમુખ પદના દાવેદાર દ્વારા જોરદાર લોગીંગ કરવામાં આવી રહયું છે. દિલ્હી તથા ગાંધીનગર સુધીના ફેરાઓ પણ શરૂ થઈ ચુકયા છે. જૂનાગઢ શહેરમાં મનપાના ભાજપના શાસકોએ તો ભાજપની આબરૂનું ધોવાણ કરી નાખ્યુંછે. તો બીજીતરફ શહેર ભાજપની ટુકડીએ પણ કાંઈ સકરવાર કર્યુ નથી. ત્યારે પ્રદેશ કક્ષાએથી જૂનાગઢ શહેર ભાજપના નેતા તરીકે એવી વ્યક્તિને પસંદ કરવામાં આવે કે જે સર્વમાન્ય હોય તેમજ ભાજપની જ છાપને ખુબજ સારી રીતે જનમાનસમાં ઉપસાવી શકે તે માટેની ગતિવિધીઓ હાલ જોર પકડી રહી છે.

### ગાંધીનગર- દિલ્હીના ફેરા ફોગટ રહયા

જૂનાગઢ તા.૧૮ : જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ તરીકે નવા ચહેરાની નિમણૂંક કરવાની હોય અને કમુહુર્તા બાદ શહેર ભાજપના માળખામાં ધરખમ ફેરફારો આવી રહયા છે ત્યારે પ્રમુખ પદની દાવેદારી માટેની દોડ શરૂ થઈ છે અને પ્રમુખ પદનો તાજ ધારણ કરવાના હવાતીયા શરૂ થઈ ગયા છે. એક અગ્રણી ગાંધીનગર અને દિલ્હી સુધી દોટ લગાવી ચુકયા છે અને સંબંધીત વરિષ્ઠ નેતાઓના દરબારમાં હાજરી પુરાવા ગયા હતા પરંતુ તેઓને આ નેતાએ એપોઈમેન્ટ આપી નથી તેવું પણ આધારભુત રીતે જાણવા મળેલ છે. આમ આ નેતાનો ગાંધીનગર અને દિલ્હી સુધીનો ફેરો ફોગટ ગયો છે.


હેવન ઈન્ટીરીયર ફર્નિચર
www.heavenfurniture.co.in
300+ Site complete
All over Gujarat
heaven FURNITURE
હેવન ફર્નિચર
M. 97263 15003
INTERIOR
COLOR WORK
POP WORK
SOFA WORK
મૈરીઓટ પ્લાઝા, ચોથા માળે, ગાયત્રી સ્કૂલ સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

ઔદ્યોગીક હેતુ માટેની
બાંધકામ સાથેની મોકાની જગ્યા
ભાડે આપવાની છે
વંથલી - માણાવદર હાઈવે ટચ
૭૮૦૦૦ સ્કે. ફીટ જગ્યા
૧૨૦૦૦ સ્કે. ફીટ ગોડાઉન
બાંધકામ, ૧૭ ફૂટની હાઈટ સાથે
સંપર્ક : 63515 36215

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ
Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912
GIR KESARI
Premium Quality
દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ
KHODIYAR
MINI OIL MIL
જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે
હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જયોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
Kelvinator
બીના ઈલેકટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.